**સુવિચાર**

કચરાને સાફ કરવા માટે ઝાડુંની જરૂર હોય છે. જીવનમાં આપણે પહેલાં ઝાડું બની કચરો સાફ કરીશું.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૭/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિઘ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ અષાઢ સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૧૭૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
- હૃદયરોગ - બીપી
- શ્વાસ - દમ - ન્યુમોનિયા
- પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
- પોઈઝન - સર્પદંશ
- ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે

ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)



નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦

## કોઈ વ્યકિતને નર્કાગાર જોવું હોય તો અમરેલીનાં હંગામી બસ સ્ટેન્ડની મુલાકાત લો

# ભાઈ સા'બ : મુસાફરોને કાદવ કિચડની ચુંગાલમાંથી બચાવો

- જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ બસ પોર્ટને શરૂ કરવાનું ચોઘડિયુ આવતું નથી
- વિકસિત દેશો પાંચ વર્ષમાં અમરેલી જેવા અનેક શહેરનું નિર્માણ કરી શકે અને અહિયા એક બસપોર્ટ બનતું નથી
- વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં ગાણા વચ્ચે વિકાસમાં કયાંય ગતિ જોવા મળતી નથી
- મુસાફરોને એરપોર્ટ જેવી તો દૂર પણ સામાન્ય કહી શકાય તેવી કોઈ સુવિધા મળતી નથી



અમરેલી, તા. ૫

અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક હોય જિલ્લાભરમાંથી વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ કે દર્દીઓ સહિત સૌ કોઈ તેમનાં રોજબરોજનાં કાર્યો માટે આવતાં હોય અને જયારે તેઓ બસ સ્ટેન્ડમાં આવે તો તેમને અનુભવ થાય છે કે આ જિલ્લા મથક છે કે કોઈ અવાવરૂ ગામ છે.

અમરેલી ખાતે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં એરપોર્ટ જેવું બસ પોર્ટ બનાવવા માટે આજથી લગભગ પાંચથી સાત વર્ષ પહેલાં કામગીરી શરૂ કરવામાં આવી હતી અને તેનું વાજતે–ગાજતે ભૂમિપૂજન થયું હતું અને ૩ વર્ષમાં બસ પોર્ટ શરૂ થવાની ખાત્રી સાથે બસ સ્ટેન્ડ નજીક આવેલ એસ.ટી.નાં વર્કશોપનાં સ્થળે હંગામી બસ સ્ટેન્ડ કાર્યરત કરવામાં આવ્યું.

આજે હંગામી બસ સ્ટેન્ડમાં સામાન્ય વરસાદથી કાદવ કિચડ ફેલાયેલ છે. પંખા કે, બેસવાની કોઈ વ્યવસ્થા નથી, શૌચાલયની હાલત પણ દયનીય

**અનુસંધાન પાના ૬ ઉપર**

Since : 1959

અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનથી કાર્યરત

**શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ**

સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ

વિદ્યા સભા, લાઠી રોડ, અમરેલી–૩૬૫૬૦૧ (ગુજરાત)

CELEBRATING 65 YEARS ANNIVERSARY



સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખ
**શ્રી વસંતભાઈ ગજેરા**

અમરેલીમાં KG થી PG સુધીનું શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા... કે જ્યાં બાળકોના સર્વાંગી વિકાસનો એકમાત્ર ધ્યેય...

સંલગ્ન સોપાનો

બાલમંદિર (ગુજરાતી/ઈંગ્લીશ મિડીયમ) | પ્રાથમિક (ગુજરાતી/ઈંગ્લીશ મિડીયમ) | માધ્યમિક (ગુજરાતી/ઈંગ્લીશ મિડીયમ) | ઉચ્ચ. માધ્યમિક (ગુજરાતી/ઈંગ્લીશ મિડીયમ)

B.A. | B.Com. | B.Sc. | B.B.A.
B.E. | B.C.A. | B.Sc. Nursing | A.N.M.
G.N.M. | P.B.B.Sc. Nursing | M.A. | M.Com.
M.Sc. | M.B.A. | A.T.L. | D&T
Skill School | Boys Hostel | Girls Hostel

એક અહેસાસ સંપૂર્ણ કેળવણીનો !

૧૦, ૧૫ કે ૨૫ નહીં પરંતુ પૂરાં "રૂપવતી" રેકોર્ડ બ્રેક પરિણામ ની અવિરત પરંપરા...

S.S.C. બોર્ડ: માર્ચ- ૨૦૨૪
22 A1
60 A2
૩૪
૧૪૦
૫૫
બોર્ડનું પરિણામ: ૮૨.૫૬%
100%

H.S.C. બોર્ડ: માર્ચ- ૨૦૨૪
સાયન્સ 01 A1 | સામાન્ય 01 A1
સાયન્સ 10 A2 | સામાન્ય 15 A2

વાલીશ્રીઓને સંતોષ, એ જ અમારી સફળતા...

વિદ્યાર્થીઓનાં પ્રોગ્રેસ ની...
GUARANTEED 100%

યોજનાઓ અંતર્ગત કાર્યરત વિભાગ: જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકૂલ | જ્ઞાન શકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકિસલેન્સ | જ્ઞાનસેતુ | જ્ઞાન સાધના | નમો સરસ્વતી | નમો લક્ષ્મી

Contact Us : gajeracampus1959@gmail.com | 909-909-8220 | 02792-230511/611/711/811
Smt. s.h.gajera campus-vidyasabha | Smt. s.h.gajera_ campus_amreli | Smt. s.h.gajera edu.campus

## પાલિકાનું સફાઈ કાર્ય કયાં અને કેવી રીતે ચાલે છે તેની ખબર પડતી નથી

# અમરેલીનાં ગજેરાપરામાં ''રામજી મંદિર'' નજીક વરસાદી પાણીનો ભરાવો

પાલિકાનાં શાસકોની નિષ્ક્રીયતાથી શહેરમાં દિનપ્રતિદિન સમસ્યાઓનો પહાડ મોટો થઈ રહ્યો છે

૪૦થી વધુ નગર સેવકો અને ૪૦૦થી વધુ કર્મચારીઓ છતાં શહેરીજનોને પરેશાની

પાલિકાનાં શાસકો યુધ્ધનાં ધોરણે શહેરની વિવિધ સમસ્યા દૂર કરવાનું અભિયાન શરૂ કરે તે જરૂરી

એકાદ વર્ષ માટે વ્હાલા–દવલા અને કમિશનબાજી બંધ કરીને કાર્યરત થાય તેવી માંગ






અમરેલી, તા. ૫

અમરેલી શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટ, અનિયમિત પાણી વિતરણ, બિસ્માર માર્ગો, રખડતા પશુઓની સમસ્યા વચ્ચે જીંદગી પસાર કરતાં શહેરીજનોને હવે ગંદકીની સમસ્યા પણ પરેશાન કરી રહી છે.

શહેરનાં ગજેરાપરા, કથીરીયાપરા વિસ્તારમાં રામજી મંદિર નજીકનાં વિસ્તારોમાં અઠવાડીયાથી પાણીનો ભરાવો છતાં મચ્છરનાં ઉપદ્રવથી રોગચાળાનો ગંભીર ખતરો ઉભો થયો હોય પાલિકાએ વરસાદી પાણીનો નિકાલ, દવા છંટકાવ જેવી કામગીરી શરૂ કરવી પડશે.

પાલિકાનાં ૪૦થી વધુ નગરસેવકો, ૪૦૦થી વધુ કર્મચારીઓ હોવા છતાં શહેરીજનોને પ્રાથમિક સુવિધા મળતી ન હોય પાલિકાનાં શાસકો એક વર્ષ માટે સમય બગાડયા વગર અને કમિશનબાજી, આળશ દૂર કરીને શહેરીજનોને જનાર્દન માનીને તેમને પડતી મુશ્કેલીઓ દૂર કરવા આગળ આવે અને તેમાં નાયબ દંડક તેમને બળ અને પ્રોત્સાહન પુરૂ પાડે તેવી માંગ ઉભી થઈ છે.

---

### રાજુલાની મેઈન બજારમાં ખરીદીમાં હોય ત્યારે

## રાજુલાનાં ભેરાઈ ગામનાં ટ્રક ચાલકને લોઠપુરનાં ર શખ્સોએ લૂંટી લીધા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના ભેરાઈ (દેવપરા) ગામે રહેતા ભરતભાઈ નરશીભાઈ વાજા નામનાં ૪પ વર્ષિય ટ્રક ડ્રાઈવર તા. ૪ ના બપોરના બે વાગ્યાની આસપાસ રાજુલા ગામે મેઈન બજારમાં આવેલ આદર્શ એગ્રો સેન્ટર નામની દુકાને બીયારણ લેવા માટે આવેલ હોય. તે વખતે જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતા આરોપી મેહુલ ઉર્ફે દુડી વાઘેલા તથા મનોજ મકવાણા મોટર સાયકલ લઈ આવી આરોપીએ ટ્રક ડ્રાઈવરને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી શર્ટના ખિસ્સામાંથી રૂપિયા ૩૦૦૦ બળજબરી કરી કાઢી લઈ લુંટ કરી તથા બન્ને આરોપીઓએ જી.જે.–૧૪ બીઈ–૪૮૭ર નો આગળનો મોરો, હેડલાઈટ તથા ડાબી બાજુનું ઈન્ડીકેટર લાકડાના ધોકા વડે તોડી નાખી રૂપિયા ૧૦૦૦ નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### ૩પ હજારનાં ૧.૩૪ લાખ ચુકવ્યા છતાં પરેશાની

## જાફરાબાદનાં વાંઢ ગામનાં ખેડૂતે પઠાણી ઉઘરાણી કરનાર વિરૂધ્ધ ફરિયાદ કરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૫

જાફરાબાદ તાલુકાના વાંઢ વાડી વિસ્તારમાં રહેતા ભરતભાઈ બાબુભાઈ ગુજરીયા નામનાં ૩૯ વર્ષિય ખેડુત યુવકે તા. ૧/૧/૧૬ ના રોજ બારપટોળી ગામે રહેતા આરોપી મુળુભાઈ વાઘ પાસેથી રૂપિયા ૩પ,૦૦૦ વ્યાજે લીધા હતા અને આજદિન સુધીમાં આરોપીને રૂપિયા ૧,૩૪,૦૦૦ ચુકવેલ હોય અને આરોપીએ ખેડુત યુવકને વગર લાયસન્સે ઉંચા વ્યાજના દરે પૈસા આપી ખેડુત યુવક પાસે અવાર–નવાર રૂપિયા ૮,૭પ૦૦૦ની પઠાણી ઉઘરાણી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### વિકાસની વાતો સાંભળીને થાકયા પણ વિકાસ કયાંય દેખાતો નથી

## બગસરાથી સાપર જવાનો માર્ગ અતિ બિસ્માર વિસાવદર જતી એસ.ટી. બસ માર્ગમાં ફસાઈ

**જિલ્લાભરમાં માર્ગોની દશા દિનપ્રતિદિન કથળતા નારાજગી**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

બગસરા ડેપોમાંથી ઉપડતી એસ.ટી. બસ બગસરા–વિસાવદર વાયા સાપર જે સવારે ૯.૩૦ કલાકે ઉપડતી હોય છે. જેમાં રોજના ૩પ થી ૪૦ જેટલા મુસાફરો આવન જાવન કરતા હોય છે. જયારે આજે આ બસ બગસરાથી વિસાવદર જતી વખતે સાપર જવાના રસ્તા પર સામે થી વાહન આવતા સાઈડમાં લેવા જતા રોડ ઉપરથી નીચે ઉતરી જતાં બિસ્માર રસ્તાના કારણે આ બસ ફસાઈ ગઈ હતી. ત્યારે આ બસમાં આશરે ૪૦ જેટલા મુસાફરો મુસાફરી કરતા હતા પરંતુ સદ નસીબે કોઈ પણ મુસાફરોને હાની પહોંચેલ નહતી અને આ બાબતની જાણ બગસરા ડેપો માં કરતા ડેપોમાંથી અન્ય બસ લઈને આ બસને બહાર કાઢવા ગયેલા હતા. મહા મુસીબતે આ બસને બહાર કાઢવામાં આવેલ હતી. જયારે સાપર ગામના લોકો નું કહેવું છે કે આ રસ્તો એટલી હદે ખરાબ છે કે કોઈ દર્દીને હોસ્પિટલમાં ઈમરજન્સીમાં જવાનું હોય તો પણ પહોંચી શકતા નથી અને ડિલિવરી વાળી મહિલાને તો રસ્તામાં જ ડિલિવરી થઈ જાય છે એટલી હદે ખરાબ રસ્તાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. પરંતુ આ નિર્ભર તંત્ર આવા રસ્તા કયારે બનાવશે. જયારે અહીંના લોકો દ્વારા અનેક વખત રજુઆતો પણ કરેલી છે કે આ ભયંકર રસ્તાના હિસાબે કોઈ ગંભીર અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે પરંતુ આ તંત્ર દ્વારા તો જાણે કોઈ અકસ્માતની રાહ જોવાતી હોય તેમ મૌન ધારણ કરીને બેઠા છે. ત્યારે લોકોમાં માંગ ઉઠી છે કે આ રસ્તા પરથી આમારા બાળકો રોજ સ્કૂલ માટે અપ ડાઉન કરતા હોય છે તો આવા ભયંકર રસ્તાને તત્કાલ નવો બનાવવામાં આવે જેથી ભયંકર દુર્ઘટનાથી લોકો બચી શકે.

---

### બાથરૂમમાં હીટરનાં કારણે શોર્ટ લાગ્યો

## બાબરાનાં કોટડાપીઠા ગામની મહિલાનું ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી કમકમાટીભર્યુ

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૫

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા કોમલબેન ભરતભાઈ બજરીયા નામની ૩પ વર્ષિય પરિણીતા તા. ૪ ના રોજ સવારે ૭:૩૦ કલાકે પોતાના ઘરનું કામ કરતા હતા. તે અરસામાં ઘરના બાથરૂમમાં ઈલેકટ્રીક હિટરથી પાણી ગરમ કરેલ હોય. હીટરનો વાયર પકડીને હિટર મુકવા જતા ઈલેકટ્રીક શોર્ટ લાગતા રાડ પાડીને બાથરૂમમાં પડી ગયેલ હોય. તેણીને બેભાન હાલતમાં બાબરા સરકારી દવાખાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવારમાં લાવતા ફરજ પરના ડોકટરે તેણીને મરણ ગયેલ હોવાનું જાહેર કરેલ હતા.

---

### સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા

## બાબરા ખાતે અષાઢી બીજનાં પવિત્ર દિને પૂ. સંત શ્રી વેલનાથબાપુનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી

**પૂજન, અર્ચન, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે**

બાબરા, તા.પ

બાબરામાં અમરેલી રોડ પર આવેલ ગિરનાર સંત શ્રી પૂજય વેલનાથબાપુનાં મંદિરે આગામી તા.૭/૭/ર૪ રવિવારને અષાઢી બીજનાં રોજ પૂજય વેલનાથબાપુનાં પ્રાગટય મહોત્સવનું દિવ્ય અને ભવ્ય ઉજવણીનું આયોજન સુવાળીયા ઠાકોર સમાજ અને શ્રી વેલનાથ પ્રગતિ મંડળ નાં સયુંકત ઉપક્રમે કરવામાં આવશે. સમાજનાં અગ્રણીઓ અને યુવા અગ્રણીઓ દ્વારા સમગ્ર આયોજનને આખરી ઓપ આપવામાં આવશે. સવારે પૂજય વેલનાથબાપુનું પૂજન અર્ચન મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે. બાબરા શહેર સહિત તાલુકામાંથી મોટી સંખ્યામાં સુવાળીયા ઠાકોર સમાજનાં લોકો ઉપસ્થિત રહેવાનાં હોવાથી આયોજકો દ્વારા સુંદર વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યું છે.

બાબરા સુવાળીયા ઠાકોર સમાજનાં પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે, સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજનાં આરાધ્ય પૂજય વેલનાથ બાપુનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવા સમાજ થનગની રહ્યો છે. અષાઢીબીજનાં પવિત્ર દિવસે પૂજય બાપુનાં પ્રાગટય મહોત્સવ નિમિત્તે સવારે ૮ કલાકે અહીં પૂજય વેલનાથબાપુનાં મંદિર ખાતે પૂજન, અર્ચન અને મહાઆરતી કરવામાં આવશે. ત્યારબાદ ૯ કલાકે પૂજય બાપુની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે મંદીરેથી પ્રસ્થાન થઈ શહેરની મુખ્ય બજારોમાં ફરી નિજ મંદિરે પરત ફરસે અને ૧ર:૩૦ કલાકે મહાપ્રસાદ યોજશે. પૂજય બાપુનાં પ્રાગટય મહોત્સવમાં ભવ્ય શોભાયાત્રા તેમજ મહાપ્રસાદમાં સુવાળીયા ઠાકોર સમાજનાં લોકો પરિવાર સાથે મોટી સંખ્યામાં જોડાશે.




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

---

### કાર લઈને જતાં હોય બનાવ બન્યો

## મોટી કુંકાવાવમાં કાદવકિચડ ઉડવા બાબતે પતિ–પત્નીને ધમકી અપાઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૫

મોટી કુંકાવાવના ઘનશ્યામનગરમાં રહેતા ઈલાબેન રાજુભાઈ દુહિરા નામનાં પ૦ વર્ષિય મહિલાના પતિ તથા સંજયભાઈ લાખાણી બંન્ને ગત તા. ર૬/૬ ના રોજ પોતાના હવાલાવાળી ફોર વ્હીલ ગાડીમાં જતા હતા. ત્યારે રસ્તામાં તે જ ગામે રહેતા અશોકભાઈ ધીરૂભાઈ સુખડીયા તેની ફોર વ્હીલમાં લઈને જતા હોય રસ્તામાં આરોપીની ગાડીને કાદવ કિચડ ઉડતા તેનું મન દુઃખ રાખી આરોપી અશોકભાઈ ધીરૂભાઈ સુખડીયા સહિત ત્રણ ઈસમો મોટર સાયકલ લઈ મહિલાના ઘરે આવી ગાળો બોલતા હોય. મહિલાએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ મહિલાને ગળાચિપ દઈ મહિલા તથા તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. બાદમાં થોડીવાર પછી બીજા મોટર સાયકલ ઉપર આરોપી સાગરભાઈ રસીકભાઈ સુખડીયા, પંકજભાઈ ભુપતભાઈ સુખડીયા તથા કેતનભાઈ ડોબરીયાએ આવી મહિલાને ગાળો આપી તારા પતિને સમજાવી દેજે નહિતર સારાવાટ નહી રહે તેમ કહી જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેન કાન્તિભાઈ સતાસીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો


# ધારી શહેરને નગરપાલિકા વિસ્તાર જાહેર કરો

**પ્રેમપરા, નબાપરા, લાઈનપરા, હીમખીમડી, હરિપરા અને વેકરિયાપરાનો સમાવેશ થતાં ૨૫ હજાર જનસંખ્યા થઈ જશે**

**સફારી પાર્ક, એશિયાટીક સિંહ સહિતનાં પ્રવાસન સ્થળો હોય ધારીનો સર્વાંગી વિકાસ જરૂરી**

**પૂ. યોગીજી મહારાજની જન્મભૂમિ હોવાથી શ્રધ્ધાળુઓ પણ મોટી સંખ્યામાં આવી રહ્યા છે**

**ધારીને પાલિકાનો દરજ્જો મળતાં સરકાર તરફથી વિકાસલક્ષી ગ્રાન્ટમાં પણ વધારો થશે**





અમરેલી, તા. ૫

બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેન કાનિતલાલ સતાસીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી જે તાલુકા મથક છે એશીયાટી સિંહ, જાફરાબાદી ભેંસ, ગીર ગાયનું આ સેન્ટર છે. હાલ એશીયાટીક સિંહનું સફારી પાર્ક ધારી, પ્રવાસનની દ્રષ્ટિએ હરણફાળ ભરી રહ્યું છે. ગીરનું જંગલ, તુલસીશ્યામની જગ્યા, ગળધરા ખોડીયાર મંદિર, શેત્રુંજી નદી પરનો વિશાળ ખોડીયાર ડેમ તરીકે પ્રવાસન સ્થળમાં આગળ વધી રહ્યું છે. નોર્મલ ગીર ફોરેસ્ટ પૂર્વ અને જિલ્લાની બાગાયત તથા ઘાસ સંશોધન ઉપરાંત યોગીજીની જન્મભૂમિ એવી ''યોગીનગરી'' હોય. ધારીને આજુબાજુના ગામ પ્રેમપરા, લેઈનપરા, નબાપરા, વેકરીયાપરા, હરીપરા, હીમખીમડી જેવા ગામડાઓ ધારી ગામની નજીકની ત્રિજયામાં ફકત સો–સો મીટર દૂર છે. મોટા ભાગના તો ધારી બોર્ડરની રોડ ઓળંગતા જોઈન્ટ થયેલ છે. સરકારની શહેરી વિકાસની ગ્રાન્ટો મળે અને ધારીનો પ્રવાસન ક્ષેત્રે વધારે વિકાસ થાય અને આ વિસ્તારમાં રીટેલ વેપાર, હોટલ– રેસ્ટોરન્ટ, ઉદ્યોગ તથા જેને લીધે સ્થાનિક નવી રોજગારી વધી શકે.

દા.ત. રીસોર્ટ, હોટલ, રેસ્ટોરન્ટ અને પ્રવાસીઓની ખરીદીને લીધે રીટેલ વેપાર, ટુ વ્હીલ અને ફોર વ્હીલ લઈને આવતા કોઈ ગાડી બગડે તો તેનું રીપેરીંગ અને નવા સ્પેરપાર્ટસના વેચાણ જેવા ધંધા પણ વધી શકે. ખાસ કરીને સરકારના નવા જીઆર પ્રમાણે ૨૫ હજારની વસ્તીને નગરપાલિકા આપવાની જોગવાઈ હોય. ધારી નગરપાલિકા બનાવવામાં આવે તો ધારી તાલુકાના ગ્રામ્ય લોકોને પણ શાકભાજી, ફળ–ફૂલનું માર્કેટ પણ મોટું મળી શકે. નગરપાલિકા મળતા ફરવાલાયક સ્થળ, બગીચા, રોડ, ગટરની વિશેષ સુવિધાઓ આરોગ્યની વિશેષ સુવિધાઓ સાથે આરોગ્ય શિક્ષણ પણ મળે.

વધુમાં જણાવેલ છે કે, કેન્દ્ર અને રાજય સરકારની વિશેષ ગ્રાન્ટ મળે, હાલ જિલ્લાની મોટી ગ્રામ પંચાયત ધરાવતું ધારીને નગરપાલિકાનો દરજજો મળતા શહેરની સુવિધાઓ મળે. ધારી ખૂબ મોટું ગામ હોય ગ્રામ પંચાયતના ધારા ધોરણ પ્રમાણે તમામ ગ્રાન્ટો વાપરવાની મર્યાદા હોય. ત્યારે ધારીને સ્પેશીયલ કેસ તરીકે ચાલું વર્ષમાં તાત્કાલીક નિર્ણય લેવાય તેવી માંગ અંતમાં કરેલ છે.

---

### આર્મી ઓફિસરની ઉપસ્થિતિમાં

## કતારગામનાં ગજેરા વિદ્યાભવનનાં ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાનાં જન્મદિનની ઉજવણી

**શાળા પરિવાર દ્વારા 'સ્ટુડન્ટ ડે'' તરીકે ઉજવણી કરાઈ**



અમરેલી, તા. ૫

પમી જુલાઈ એટલે આપણી શાળાનાં ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાનો જન્મદિવસ. આ દિવસને ગજેરા શાળા પરિવાર સ્ટુડન્ટ ડે તરીકે ઉજવીએ છીએ. સ્ટુડન્ટ ડે અંતર્ગત ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે વિદ્યાર્થીઓમાં લીડરશીપનો ગુણ વિકસે તે હેતુથી ગજેરા વિદ્યાભવન શાળામાં ઈન્વેસ્ટીચર સેરેમનીનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ગજેરા ટ્રસ્ટના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા સાથે મુખ્ય મહેમાન તરીકે ઈન્ડિયન એકસ આર્મી ઓફિસર સરફરાજભાઈ, એસબીઆઈ બેન્કનાં મેનેજર આનંદ રાજકમલ, ફાયર સ્ટેશન કતારગામના ફાયર ઓફિસર યસ મોઢ અને કતારગામ પોલીસ સ્ટેશનનાં શી–ટીમમાંથી મિસ સોનાબેનઅને દિપીકાબેન ઉપસ્થિત રહ્યા હતા. માનવંતા મહેમાનો દ્વારા હેડ બોય હેડ ગર્લ્સ તેમજ ચારે હાઉસના લીડર અને કમિટી મેમ્બર્સને સ્લેસ અને બેઝથી સન્માનવમાં આવ્યા હતા. શાળાના આચાર્ય દ્વારા ચૂંટાયેલા સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. શાળામાં થતી તમામ પ્રવૃતિઅઓ અને વ્યવસ્થાના ભાગરૂપે બાળકોમાં નેતૃત્વના ગુણ વિકસે તે માટેની પ્રતિજ્ઞા પણ વિદ્યાર્થીઓ પાસે લેવડાવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત શાળાનાં ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાનો જન્મદિવસ હોવાથી ઉપસ્થિ તમામ મહેમાનો, આચાર્ય, શિક્ષકો, વાલી મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તે નિમિતે શાળામાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો માટે ડ્રોઈંગ સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ અને જાહેર જગ્યા પર વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. આમ ,ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ કર્મચારીઓ પૂરતો સહયોગ આપ્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

---

## અમરેલી : શેર એન્ડ કેર પરિવારના ફાઉન્ડર રિયાઝ વેરસીયાનો જન્મ દિવસ



અમરેલી, તા.૫

''લોભ, મોહ, ભય કે જ્ઞાતી–જાતિ ધર્મ અને રાજકારણ થી પર રહી સમાજમાં રહી સમાજમાં રાષ્ટ્રીય એકતા ઉજાગર કરી છેવાડાના વ્યકિતઓ સુધી સેવાઓ પહોચાડવી એટલે શેર કેર અમરેલી'' આ વિઝન સાથે છેલ્લા આઠ વર્ષથી અમરેલી અને આરપાસના વિસ્તારોમાં જુદી જુદી સેવાકીયા પ્રવૃતિઓ જેમાં (૧) ઝૂપડ પટ્ટીના બાળ કો માટે શિક્ષણને લગતી પ્રવૃતિઓ સહાય તેમજ હરતી ફરતી શાળા (૨) દિવ્યંગ બાળકો માટે સમન્વય દિવ્યંગ સેન્ટર (૩) સિનીયર સીટીઝન વડીલો માટે કાર્યક્રમો (૪) દેશ ભકિતના કાર્યક્રમો ભારત માતાનું પૂજન તેમજ સમાજ વાંચન પ્રત્ય આગળ આવે તે માટે (૫) હરતીફરતી લાયબ્રેરી સમાજ ઉપયોગી અને સમાજ માટે સેવાના ભેખ ધારી રિયાઝ વેરસીયાને જન્મ દિવસની શુભેચ્છાઓ વિશાલ મિત્ર મંડળ અને શુભેચ્છકો દ્વારા તેમને તેમના, મોબ.: ૯૪૨૭૨ ૬૧૧૮૫ પર શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

---

## ઢાંગલા ગામના પર્યાવરણપ્રેમી યુવાનોએ વૃક્ષારોપણ કર્યુ



લીલીયા, તા. ૫

લીલીયા તાલુકાના ઢાંગલા ગામે જળધારા હનુમાન મંદિરના પટાંગણમાં પશ્રિમ ફાઉન્ડેશન તથા ઢાંગલા ગામના નવયુવાનોના સહયોગથી સંસ્થાનો ઉદેશ્ય પડતર જમનીમાં વૃક્ષો વાવીને જૈવવિવિધતામાં વધારો થાય તેવા પ્રયાસ વૃક્ષારોપણ કરાયું. ''વધુ વૃક્ષો વાવો પર્યાવરણ બચાવોનો'' સંકલ્પ લઈને પર્યાવરણ પ્રેમી પ્રવિણ હુંબલ, ભાવેશ ઝાલા, હિરેન સરવૈયા, ઈરફાનભાઈ મેહતર, જયદેવસિંહ જાડેજા વગેરે ઢાંગલા ગામના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ખૂબ ઉત્સાહ પૂર્વક માહોલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

---

### એએચપી અને રાષ્ટ્રીય બજરંગદળમાં નારાજગી

## લીલીયામોટા : વિહિપનાં અગ્રણીની અટકાયતનાં વિરોધમાં આવેદનપત્ર પાઠવ્યું

**બાબરાના વિહિપ અગ્રણી ગજેન્દ્રભાઈ શેખવાને મુકત કરવા માંગ**




લીલીયામોટા, તા.૫

લીલીયા મોટાની મામલતદાર કચેરી ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવેલ. આ આવેદનપત્રમાં જણાવેલ છે કે, બાબરાના ગજેન્દ્રભાઈ શેખવાને થોડા દિવસ પહેલા બાબરા પોલીસ અધિકારી દ્વારા ખોટી રીતની બે એફ આઈ આર કરી સામાન્ય મેટરના કારણે પાસા જેવા ગંભીર ગુનામાં પાલનપુર જેલ હવાલે કરેલ છે. આ બાબરાના જવાબદાર અધિકારી રાધનપરા પોલીસ અધિકારી બનાવના ઘટના સ્થળે આવીને ગૌ રક્ષકને કાઠલો પકડીને ધમકી આપેલ અને ખોટા ફરિયાદી ઉભા કરીને ફરિયાદ કરાવી છે. આરોપી દ્વારા કયાંય ખંડણી કરેલ નથી કે કયાય ટોળુ લઈને આવેલ નથી. જેનો વિડીયો જોતા સ્પષ્ટ દેખાઈ આવે છે કે પોલીસ અધિકારી ટોળુ લઈને આવેલ છે અને ધમકાવે છે. તો જેમણે મૂંગા પુશ માટે સો જેટલી ફરિયાદો નોંધાવેલ છે. જેઓ વિશ્વ હિન્દુ પરિષદનાં તાલુકા અધ્યક્ષ છે. જેઓ રાત–દિવસ હિન્દુ સમાજ માટે સેવામાં હાજર રહેના સમાજ સેવકને એક અધિકારી દ્વારા ખોટા ગુનામાં સજા કરેલ છે. તો આ સમાજ સેવકને માફ કરીને વહેલા સર માન મર્યાદા સાજે છોડીને દેવામાં આવે તથા કાયદાકીય ભાન ભૂલેલ પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી કાયદેસરની કાર્યવાહી તેમના પર કરવામાં આવે તેવી માંગ આવેદનપત્રનાં માધ્યમથી કરવામા આવેલ છે. આ તકે રમેશભાઈ ભડકોલીયા, ડોકટર કુભાણી, જીવનભાઈ વોરા, કમલેશ બાપુ અગ્રાવત, આર.બી. ભલાળા, દિનેશ સંગતાણી, વિશાલ બુહા સહિતનાં લોકો આ તકે ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબાર યાદીમાં જણાવેલ છે.

---

### ડીઆઈજીનાં લોક દરબાર બાદ વ્યાજખોરોની આફત વધી

## ખાંભાનાં યુવકે ૫૦ હજારનાં બદલામાં ૮૦ હજાર ચુકવ્યા છતાં વ્યાજખોરો દ્વારા પરેશાની


**યુવકે વ્યાજનો વ્યવસાય કરનાર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૫

ખાંભાના ભગવતીપરામાં રહેતાધનજીભાઈસવજીભાઈપાટડીયા નામનાં૪૦વર્ષિયયુવકેતેજગામેરહેતા આરોપી અમજદખાન નિજામખાન પઠાણ પાસેથી તા. ૨૦/૬/૧૪ ના રોજ વ્યાજેલીધેલકુલરૂપિયા૫૦,૦૦૦તથા યુવકનામિત્રએવ્યાજેલીધેલકુલરૂપિયા ૫૦,૦૦૦લીધાહતાઅનેવ્યાજસહિત યુવકનામિત્રએરૂપિયા૮૦,૦૦૦તથા યુવકે રૂપિયા ૩૯,૦૦૦ આરોપીને આપેલ હોવા છતાં પણ આરોપીએ યુવકને વકીલ મારફત લીગલ નોટીસપાઠવીયુવકપાસેથીઆજદીન સુધીનું વ્યાજ ગણી વધુ રૂપિયા ૭,૫૦,૦૦૦ ની માંગણી કરી બળ જબરી પુર્વક પૈસા કઢાવવા માંગતા હોય. અવેજ પેટે આરોપીને આપેલ ચેક બાઉન્સ કરાવી હેરાન પરેશાન કરવા અંગેની ફરિયાદ નોંધાઈ છે.


























# બાહ્યપ્રાપ્તિ અને આંતરપ્રાપ્તિ વચ્ચેનો ભેદ કયારે સમજીશું

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

બાહ્યપ્રાપ્તિ અને આંતરપ્રાપ્તિ શબ્દો સમજવા જેવા છે. આમ તો બહુ સરળ શબ્દો છે. આ બંને શબ્દોને સમજવા માટે આ દુહો પર્યાપ્ત છે.

**''ગોધન, વાજીધન, ગર્જવન, સબ ધન રતનની ખાણ,**
**જબ આવે સંતોષધન સબ ધન ધૂરી સમાન.''**

આ દુહાને અર્થ, મતે ભલીભાતી આપણે જાણીએ છીએ. બાહ્યપ્રાપ્તિમાં ગાયરૂપીધન, ઘોડારૂપીધન, હાથીરૂપીધન, હીર–માણેકની ખાણ મળી જાય તો શું? શું એનાથી જીવનમાં શાંતિ, સંતોષ પ્રાપ્ત થશે? નહિ–તો કયારે સંતોષ મળે?

આંતરપ્રાપ્તિ એટલે કે અંદરથી, આત્માથી, મનથી તો સંતોષરૂપીધન પ્રાપ્ત થાય તો ઉપરના તમામ ધન ધૂળ સમાન છે. પણ અફસોસ એ છે કે આપણે સૌ બાહ્યપ્રાપ્તિના ધન પાછળ દોડ લગાવીએ છીએ. બાહ્યધન મળે પણ છે તો પણ એનાથી સંતોષ મળતો નથી. કારણ કે એનાથી વધુ પ્રાપ્ત કરવાન, મેળવવાની ઝંખના જાગે છે.

એક રૂપિયો મળીયો હોય તો બે રૂપિયા મેળવવાની ઈચ્છા જાગે છે. સો રૂપિયા મળે તો હજાર રૂપિયા મેળવવાની તરસ જાગે છે. હજાર મળી જાય તો લાખ, કરોડો, અબજો મેળવવાની ઈચ્છા થાય છે. અરે માનો કે ધનની પથારીમાં સુવા મળ્યુ તો પણ આનંદ થતો નથી. કારણ કે, સતત ભય સતાવે છે કે આ ધન કોઈ લૂંટી જશે તો? ધન નહોય ત્યારે સુખેથી જમતો હતો, ઉંઘતો હતો પણ જયારે ધનમાં આળોટવા લાગ્યો તો નિરાંતે ખાવાનું, સૂવાનુ છૂટી ગયુ.

આપણે જાણીએ છીએ કે, ગામનાં સરપંચને તાલુકા, જિલ્લાનાં પ્રમુખ બનવાની ઈચ્છા થાય છે. જિલ્લાના પ્રમુખ બન્યા બાદ ધારાસભ્ય બનવાનું ભૂત સવાર થાય છે. માનો કે ધારાસભ્ય બની જાય તો સંસદસભ્ય બનવાની હોડમાં ઉતરે છે. સંસદસભ્ય બન્યા પછી મંત્રી, વડાપ્રધાન બનવાનાં સ્વપ્નાં જોવા લાગે છે. શું આનો કોઈ અંત ખરો?

બાહ્યપ્રાપ્તિ ધ્યેય, સુખ, આનંદ સદાય દુઃખમાં, સંતાપમાં પરિણમે છે. તો આંતરપ્રાપ્તિ ધ્યેય સંતોષ અને આનંદમાં વિરામ થાય છે. પરિણમે છે.

આ લખનારે એ તો જોયુ છે, અનુભવ્યુ છે. ને કદાત તમે પણ જોયુ હશે કે જે માણસને સંપતિ, સંતતિ, પ્રિયતમા મળી ગયા તો પછી શુ? માન–સન્માન થઈ ગયા પછી શું?? એને સતત જીવનનમાં ખાલીપો જ અનુભવ્યા કરે છે. હજી કંઈ ખુંટે છે. એવુ અનુભવે છે ને ઝાંઝવાના નીર પકડવા દોડયા જ કરે છે.

પણ જયારે એને સમજાય છે કે, આટલુ સુખ, સંપતિ, સંતતિ મેળવવા માટે આટલા બધા છળ, કપટ, પ્રપંચ, ઉજાગરા શા માટે કર્યા? ધનની પથારીમાં આળોટુ છુ પણ હવે પણ શુ? આવો મોટો પ્રશ્નાર્થ તેને અજંપ કરી મુકે છે. જીવનનુ ધ્યેય શુ? જયારે એને જીવન ખોટુને રસ્તો ધૂંધળો દેખાય છે. ત્યારે તે અકળાય છે. દુઃખી થાય છે. તેને બાહ્યદિશા દેખાતી બંધ થઈ જાય છે.

આવ અસંખ્ય ધનપતિઓને, સત્તાભૂખ્યા, રાજસ્વીઓને જોવો છે કે જેઓ અંતકાળે તેઓ લાચારીમાં દિવસો પસાર કરતા હોય છે. છેલ્લે એને ગંગાજળ પાછળ પાવા કોઈ હાજર નથી હોતુ. એના કર્મો, પાપકર્યોની ફિલ્મ નજરે જુએ છે. ત્યારે પસ્તાવાનો પાર રહેતો નથી. પણ હવે શુ? જબ ચિડિયા ચૂગ ગઈ ખેત? કારતક મહિને કણવત ડાહ્યો થવા જેવી વાત છે.

જીવનમાં એકાદ ધ્યેયતો અવશ્ય હોવુ જોઈએ. કોઈ એવી નિશ્ચિત દિશા હોવી જોઈએ કે મારે એ તરફ જવુ છે. ભલે રેલનાં બે પાટા કયાંક ભેગા થતા ન હોય પણ આપણે આપણા ગંતવ્ય સ્થાને જરૂર પહોંચાડે છે.

ધ્યેયશીલ વ્યકિત કયારેય ભટકશે નહિ.. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ હિમાલયની માફક અડગને નિશ્ચલ રહેશે. આવા માણસોને જ ધ્યેય પ્રાપ્ત થાય છે અને સુખ મળે છે.

ઓસ્કર એવોર્ડ મેળવનાર બ્રિટીશ અભિનેતા એબેક ગિનેસને એક દારૂની કંપનીના માલીક મળવા આવે છે. કહે છે કે તમે મારા દારૂ માટે મોડલીંગ કરો. અભિનેતા કહ્યુ. ''માફ કરજો, કયારેય દારૂ પીધો નથી.'' ધનપતિએ કહ્યુ, '' એમા શું? ખાલી તમારે બોટલ લઈને ઉભુ રહેવાનુ છે. એમાંથી બે ઘૂંટ પીવાના છે. બસ, એને માટે હું તમને સત્તર મિલિયન ડોલર આપીશ.''

એલેકે ઝિનેશે કહ્યુ, "માફ કરજો સાહેબ, મારાથી એ નહિ થાય. મેં દારૂ પીધો નથી તો પણ હું લોકોને ઝેર પીવાની સલાહ કઈ રીતે આપી શકુ ?''

નિશ્ચિત દયેય એ જીંદગીને વિવેક બુધ્ધિ આપે છે. જયારે દયેય વિહીન વ્યકિત વિવેકહિન બની જાય છે. આજનો અભિનેતા કે અભિનેત્રી ગમે તેવી જાહેરાતો માટે પૈસા માટે મોડલીંગ કરવા તૈયાર થઈ જાય છે.રાતના સ્વપ્નાનુ કોઈ વજુદ હોતુ નથી. તે મિથ્યા છે એ આપણે જાણીએ છીએ પરંતુ દિવાસ્વપ્ન સત્તા,સંપતિ, સુંદરી, માન–સન્માન સ્વપ્ન તો એવુ છે કે માનવી એની પાછળ દોડયા જ કરે છે. પાછુ વળીને જોવાનો પણ એની પાસે સમય નથી હોતો. દિવા સ્વાપ્નાની પાછળ એવી આંધળી દોડ લગા છે. તે એને એની ભીતરના અવાજનો અણસાર પણ આવતો નથી. ને અંતે ઉંડા, અંધારા કૂવામાં ખાબકે છે.

રાત્રિનાં સ્વપ્નને તો આપણે ઉઠીને ખંખેરી નાંખીએ છીએ પણ દિવા સ્વપ્નને હાટવી શકાતુ નથી. એ દિવા સ્વપન કળળા જેવુ છે. બહાર નીકળવા જેટલા પ્રયત્નો કરીએ એટલા અંદર ઉતરતા જઈએ છીએ. અંતે તો.....?

ચંદ્રકાંત બક્ષી લખે છે, '' સફળતાના પ્રેમમાં પડવા જેવુ નથી. સફળતા વિષ કન્યા છે. આખો માણસ અંદરથી ખવાઈ જાય છે. બહારથી ખોવાઈ જાય છે.

સબકો સન્માતિ કે ભગવાન....**અષ્તુ.**

---

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીનો છોકરો જયારે આતંરરાષ્ટ્રીય ડાયમંડ માર્કેટમાં નામ કાટે છે

બીજ રોપાઈ ચૂકયું હતું ઓ આ બિજના નસીબમાં વિધાતાને વટવૃક્ષ બનવાનું લખ્યું હતું. હીરાના ઝળઝળાટે એક પછી એક તમામ ભાઈઓને આંજી લખવાનું શરૂ કરી દીધું. ૧૯૭૩માં ગિરધરભાઈ અને ૧૯૭૫માં ચુનીભાઈ સુરત આવ્યા. વસંત ગજેરાએ આ બન્ને ભાઈઓની સાથે મળીને કોન્ટ્રેકટ બેઝિસ પર નાનકડું મેન્યુફેકચરિંં યુનિટ સ્થાપ્યું . ધીમે ધીમે તેઓ ખુદ એકસપોર્ટ કરતા થઈ ગયા. વસંત ગજેરાની મહત્વાકાંક્ષાને સુરતનો પનો ટૂંકો પડયો હોય તેમ ૧૯૭૭માં તેઓ મુંબઈ આવ્યા અને વેપાર શરૂ કર્યો. ૧૯૭૬માં મારા લગ્ન થઈ ગયાં હતાં તેઓ કહે છે ૧૯૭૮માં ગિરધરભાઈએ અમરેલીમાં ફેકટરી શરૂ કરી. ૧૯૭૯માં મુંબઈમાં ગિરગામ પાસે કામકાજ શરૂ કર્યુ.

વસંત ગજેરાએ સૌથી પહેલીવાર બેલ્જિયમની મુલાકાત લીધી ૧૯૮૧માં. જાણે કોઈ નવી જ દુનિયામાં આવી ગયો હોઉં તેવું લાગતું હતું વસંતભાઈ સ્મિત કરે છે, દૂધ, પાણી અને કોકાકોલા ત્રણેય એક જ ભાવે વેચાતું – દસ રૂપિયામાં ! તે જમાનામાં તેની કિંમતને રૂપિયામાં કન્વર્ટ કરો તો દસ રૂપિયા થતાં. આજે તો આપણે ત્યાં ગામડા ગામના લોકો પણ બોટલનું પાણી પીતા થઈ ગયા છે.

હીરાની નગરી એન્ટવર્પમાં ઓફિસ આ જ દાયકાના અંત ભાગમાં ખૂલી ગઈ – ૧૯૮૯માં. વસંતભાઈએ દીકરીનું નામ તે ઓફિસને આપ્યું – કોમલ જેમ્સ. ગિરધર ગજેરાએ તેનો

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

કારભાર સંભાળ્યો. ગિરધરભાઈ એનઆરઆઈ છે, વસંત ગજેરા કહે છે, તે જ પ્રમાણે સૌથી નાનો ભાઈ બકુલ પણ એનઆરઆઈ અને ન્યુયોર્કની ઓફિસ સંભાળે છે.

નેવુંના દાયકામાં પ્રગતિનો વેગ ઔર તીવ્ર બન્યો. ૧૯૯૦ અને ૧૯૯૩માં અનુક્રમે હોંગકોંગ, બેંગકોક તેમ જ ન્યુયોર્કની ઓફિસ ખૂલી. ૧૯૯૪માં સુરતમાં મોટા પાયે પોલિશિંગ ફેકટરી શરૂ થઈ. ૧૯૯૫માં લક્ષ્મી ડાયમંડ કંપની ડીટીસી સાઈટ હોલ્ડર બની. ડીટીસી એટલે કે ડાયમન્ડ ટ્રેડિંગ કંપનીના સાઈટ હોલ્ડર હોવું તે અમારા ક્ષેત્રમાં મોટી સિદ્ધિ ગણાય છે. વસંત ગજેરા કહે છે આ સાઈટ અમને એચ.ગોલ્ડી નામની ડીટીસીની બ્રોકટર કંપની દ્વારા મળી છે. માર્ક બોસ્ટન એના માલિક છે. અમારી પ્રગતિ પાછળ એચ. ગોલ્ડી અને માર્ક બોસ્ટનનું ઘણું યોગદાન છે.

વસંત ગજેરા સતત દુનિયાભરના વેપારીઓ અને કંપનીના માલિકો સાથે ઈન્ટરેકટ કરતાં રહે છે. અંગ્રેજીને કારણે મારી ગાડી અટકી પડી હોય, તેવું કદી બન્યું નથી. વસંતભાઈ મરકે છે, મને ભલે અંગ્રેજી ભાષા આવડતી ન હોય, પણ બિઝનેસની ભાષા હું સારી રીતે જાણું છું.

## કેપ્ટન લક્ષ્મી સહેગણ

**જન્મ : ૪ ઓકટોબર, ૧૯૧૪**
**મહાપ્રયાણ : ૨૩ જુલાઈ, ૨૦૧૨**



કેપ્ટન લક્ષ્મીનું નામ યાદ કરતાની સાથે જ સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજ યાદ આવી જાય છે. તેમનો જન્મ ૨૪મી ઓકટોબર, ૧૯૧૪ના રોજ થયો હતો. તેમના પિતા સ્વામીનાથન જાણીતા બેરિસ્ટર હતા અને માતાનુ નામ હતુ. સુબ્રમ્મા. સુબ્રમ્મા કોંગ્રેસ(મદ્રાસ) નાં જાણીતા કાર્યકર હતા. કેપ્ટન લક્ષ્મીનું મૂળ નામ હતુ. લક્ષ્મી એસ. સ્વામીનાથન. સમય હતો. બીજા વિશ્વયુધ્ધનો, સુભાષચંદ્ર બોઝે જે જે દેશો બ્રિટનની વિરૂધ્ધમાં હતા. તેવા દેશોનો સાથ મેળવ્યો અને તેમની સાથે શરત કરેલી કે ભારતની આઝાદી માટે પણ આ યુધ્ધ નિર્ણાયક બનવુ જોઈએ. આઝાદ હિન્દ ફોજમાં ભારતના હજારો યુવાનો અને યુવતીઓ જોડાયા હતા. જેઓ શિસ્ત અને સંપૂર્ણ દેશભકિતને વરેલા હતા. આ ફોજીઓ આરપારની લડાઈ માટે તૈયાર હતા. આ ફોજમાં નવયુવતીઓની પણ સેના હતી. એના કેપ્ટન હતા લક્ષ્મી. લોકો તેમને કેપ્ટન લક્ષ્મીનના નામથી જ ઓળખતા હતા. કેપ્ટન લક્ષ્મી સુભાષચંદ્ર બોઝે વિદેશોમાં ઉભી કરેલી ભારતીય સેનાઓના સૈનિકોની સેવામાં તેઓ લાગી ગયા હતા. સાજા થત ા સૈનિકોને તે આઝાદીના મોરચે મોકલવા લાગ્યા. તે સમયમાં નેતાજીએ ભારતીય સ્વાતંત્ર્ય સંઘની સ્થાપના કરી. બહાદુર કેપ્ટન લક્ષ્મી તેમા પણ જોડાયા હતા. એટલુ જ નહી, તેઓ રૂબરૂ નેતાજીને મળ્યાં અને એક મહિલા રેજિમેન્ટ સ્થાપવાની માંગણી કરી.૨૨ ઓકટોબર,૧૯૪૩ના દિવસે તેમણે આવી એક મહિલા ફોજ તૈયાર કરી નાખી, જેનુ નામ આપ્યુ. 'રાણી ઝાંસી રેજિમેન્ટ'. આ રેજિમેન્ટ પણ મહાણી ઝાંસીની જેમ દેશની આઝાદી માટે સમર્પિત હતી. ૧૭૫ જેટલી ભારતીય યુવાન મહિલાઓથી શરૂ થયેલી આ ફોજમાં જોતજોતામાં તો બે હજાર મહિલાઓ જોડાઈ ચૂકી હતી. બધાને પુરી લશ્કરી તાલીમ આપવામાં આવેલી હતી. બ્રહ્મદેશમાં બ્રિટિશરોના લશ્કર સામે પૂરી તાકાતથી તે લડી. ઈમ્ફાલની પ્રસિધ્ધ લડાઈમાં તો તેમણે બ્રિટિશ લશ્કરને મારી હઠાવ્યુ હતુ. એક સમયે તો આ શુરવીર મહિલાઓની ફોજ સુભાષચંદ્ર બોઝને પણ રક્ષણ પૂરુ પાડયુ હતુ. બ્રિટનની આખરે જીત થઈ અને બ્રિટિશરોએ આઝાદ હિંદ ફોજને ગેરકાયદેસર ઠરાવી. ફોજના ત્રણ કેપ્ટનો લક્ષ્મી, ધિલોન અને શાહનવાઝ સામે ખટલો ચાલ્યો. દેશની જનતાને આની સામ આંદોલનો શરૂ કરી દીધા. આખરે ૧૯૪૬માં આ ત્રણેય કેપ્ટનોને છોડી મૂકવામાં આવ્યા. દેશની જનતા એ આની સામે આંદોલન શરૂ કરી દીધા. આખરે ૨૩ મી જૂલાઈ, ૨૦૧૨ ના રોજ તેમનુ અવસાન થયુ.




## બાળકોના ભાષા સંસ્કાર

**શિશુવંદના**

– ગિજુભાઈ ભરાડ


આપણે ત્યાં ગૃહ ગ્રંથાલય જેવો કોઈ શબ્દ પ્રચલિત થયો જ નથી.નથી. પશ્ચિમનાં દેશોમાં હોમ લાયબ્રેરી જેવો કન્સેપ્ટ છે. ભાગ્યેજ કોઈ બેડરૂમ એમનો એવો હશે કેજેમાં પથારીમાંથી હાથ લાંબો કરતા સદગ્રંથો સુધી પહોંચી શકાતુ ન હોય. પશ્ચિમના દેશોના દિવાનખંડ અને શયનખંડનો દ્રશ્યોમાં પણ તમને અઢળક પુસ્તકો જોવા મળશે. આપણે ત્યાં જેમને પુસ્તકોની દોસ્તી વિના ચાલે જ નહિ. એવા શિક્ષણક્ષેત્રનાં આચાર્યો અને શિક્ષકોના ઘરે દરોડા પાડો તો તેમના માંડ પાંચ ટકા લોકોને ત્યાં સારા પુસ્તકો મળે.અનેક શિક્ષકો એવા છે કે જેના ઘરમાંથી તેઓ જે ભણાવે છે એ પાઠય પુસ્તો પણ ન મળે, ખાસ કરીને પ્રાથમિક શિક્ષકોની બાબતમાં આ વાત સંપૂર્ણ સાચી છે. અલબત, એમાં સનિષ્ઠ લોકોનો અપવાદ હશે. ભાષા શિક્ષણના પાયામાં વાંચન,લેખન, શ્રવણ અને કથન આ બધા કૌશલની સમાન ધોરણે જરૂર રહે છે. એની કેળવણી આપવા માટે સમાનાર્થી શબ્દકોશ અને વિરૂધ્ધાર્થી શબ્દકોશની જરૂરિયાત રહે છે. અરે, આપણા ભાષા શિક્ષકો પાસે પણ પણ આ બે કોશ ન હોય તો સામાન્ય દંપતી પાસે હોવાની શકયતા જ કયા છે? પરંતુ જે વાલીઓ પોતાના બાળકને સર્વોત્તમ ભાષા શિક્ષણ આપવા ચાહે તેણે ઉપરોકત બે કોશ ઉપરાંત સાર્થજોડણી કોશ પણ પણ વસાવવો જોઈએ. આગળના વર્ષોમાં કહેવત કોશ અને રૂઢિપ્રયોગ કોશ પણ શોધીને વસાવી લેવા જોઈએ. અનુભવે એવુ જોવામાં આવ્યુ છે કે જેઓ ભાષા અથવા ગણિત બેમાંથી પાંડિત્ય કક્ષાની સમૃધ્ધિ ધરાવતા હોય તેઓ જીવનમાં સર્વરીતે સમૃધ્ધ હોય છે.

## પજાપ્રેમી નંદસિંહ

કાનનવન અને નંદનવન બંને બાજુબાજુમાં પણ બંને એકબીજાનાં દુશ્મન. કાનનવનનો રાજા ક્રુરસિંહમાં નામ પ્રમાણે ગુણ હતાં. બધાં પ્રાણીઓ તેનાથી ફફડતાં. આખો દિવસ એશોઆરામ કરવો અને નંદનવનના રાજાની બુરાઈ કરવી એ જ એનો ધંધો હતો. કઠિયારા આખો દિવસ લાકડાં કાપી જતાં છતાં પણ તેન કયારેય ના પાડી ન હતી. દિવસે દિવસે વૃક્ષો ઘટતાં જતાં હોતાં અને તળાવમાં પણ પાણી ખૂટવા આવ્યું હતું. છતાં પણ તે તેનાથી બેખબર રહી એશોઆરામ જ કરતો. બીજી તરફ નંદનવનનો રાજા નંદસિંહ હતો. તે પણ ખુબ જ પરાક્રમી હતો અને પ્રજાવત્સલ પણ એટલો જ. નિર્દોષ પ્રાણીઓ પર કયારેય પરાક્રમ બતાવતો નહીં. ભાગનાં પ્રાણીઓ નંદનવનમાં આવવા ઈચ્છતાં હતાં. પણ તેને મનમાં એવું હતુ કે નંદસિંહ તેમનો આશરો આપશે કે નહીં. બીજે તો બાજુમાં કયાંય આશરો મળે એવું હતું




નહીં. છતાં પણ અમુક પ્રાણીઓ હિંમત કરીને નંદસિંહને મળ્યાં. અને પોતાની સમસ્યા વર્ણવી.નંદસિંહ ખૂબ જ માયાળુ હતો. કાનનવનની સમસ્યા જાણી તે ખૂબ જ દુઃખી થયો. પ્રાણીઓને આશરો આપવા તે તૈયાર થયો. સામેથી ક્રૂરસિંહને બોલાવ્યો અને બધા પ્રાણીઓની સભા બોલાવી.સભાને સંબોધતાં નંદસિંહે કહ્યું કે, 'આપણા પાડોશી રાજય પર મોટી મુસીબત આવી છે. આપણે તેને સહાય કરવી જ જોઈએ.'



પર્યાવરણનું રક્ષણ ન કરે તેના જ પ્રત્યે તે ક્રૂર બનતો. કઠિયારા કયારેય તેના વનમાં પ્રવેશી શકતા નહીં. પ્રાણીઓને તે વધારેમાં વધારે વૃક્ષો વાવવા પ્રોત્સાહન આપતો, સભામાં તેને બિરદાવતો. ઉનાળામાં તળાવ પણ ઊંડા કરાવતો. ક્રૂરસિંહ ગમે તેમ બોલતો છતાં પણ કયારેય સામે ચાલીને તેણે પહેલો વાર કર્યો ન હતો.આ વખત કાનનવનમાં ભયંકર દુષ્કાળ પડયો. પીવા માટે તળાવમાં પાણી ન રહ્યું. મોટા ભાગનું જંગલ નાશ પામ્યું. આમેય કઠિયારાએ ઘણાંબધાં વૃક્ષો પહેલેથી જ કાપી નાખ્યાં હતાં. પ્રાણીઓમાં હાહાકાર મચી ગયો. મોટા ભાગનાં પ્રાણીઓ કાનનવન છોડવા તૈયાર થયાં. દુષ્કાળ અને પાછો ક્રુરસિંહનો જુલ્મ.મોટા કાનનવનનાં પ્રાણીઓને સંબોધીને કહ્યું કે, 'તેં પર્યાવરણની જાળવણી ન કરી. કઠિયારાને વૃક્ષો કાપવા દીધાં. તળાવ ઊંડાં ન કરાવ્યાં. આથી સમસ્યા ઊભી થઈ. અમે પર્યાવરણનું ખૂબ જતન કરીએ છીએ. આથી અમારે વરસાદ પણ સારો પડયો, જયારે તમારે દુષ્કાળ પડયો. તમે બધા એક બે વર્ષ અમારા વનમાં મહેમાન તરીકે રહો. આપણે બધા ભેગા થઈને કાનનવનને હરિયાળુ કરી દઈશું. તળાવ પણ ઊંડાં ઉતારી દઈશું. આથી પહેલાની જેમ વરસાદ પણ સારો થશે. ક્રૂરસિંહના ગળે નંદસિંહની વાત ઉતરી ગઈ કપરી પરિસ્થિતિમાં સાચા દિલથી મદદ કરવા માટે ક્રૂરસિંહે તેનો ખૂબ ખૂબ આભાર માન્યો. હવે ક્રૂરસિંહ અને નંદસિંહ સાભા મિત્રો બની ગયા.

**બાલમિત્રો,**




તમને રાત્રે સ્વપ્ન આવે છે ?જો હા તો કેવુ સ્વપ્ન આવે છે? સારુ કે નરસુ? તમે સવારે ઉઠીને મમ્મી–પપ્પાને વાત પણ કરતા હશો. ત્યારે મમ્મી કહેશે કે, ''બેટા, એવા સ્વપ્ના સાચાા નથી હોતા. એને ભૂલી જવાનુ'' પણ બાળમિત્રો. એવા સારા સ્વપ્નને ભૂલી શકાતુ નથી. સતત મનમાં ઘૂમરયા કરે છે. એને સફળ કરવા મથવાનુ મન થાય છે. સારી વાત છે. સ્વપ્નને સાકાર કરવાનુ ખોટુ નથી. પણ પાણીને મથવાથી, વલોવવાથી માખણ બને નહિ. એની પાછળ જીંદગી આખી ખચી નાખીએ છતા પણ સફળતા ન મળે તો એવુ સ્વપ્ન શું કામનુ?

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્ર પ્રમુખ મિસાઈલમેન ડો. અબ્દુલ કલામે પણ સ્વપ્ના જોવાની સલાહ આપી છે. પણ મિત્રો, સ્વપ્ન સારા હોવા જરૂરી છે. એની પાછળ સમય બગાડવાથી કંઈ મળવાનુ હોય તો જ સ્વપ્ન કામનુ નહિતર બધુ બરબાદ કરી નાખો.મોટા અને સારા માણસ બનવાનુ. દરેકનુ સ્વપ્ન હોવુ જોઈએ.

## ઠાગાઠૈયા કરુ છુ.

**બાલકથાઓ**
ગિજુભાઈ બધેકા (બાલસાહિત્યના બાબા)



એક હતો કાગડો અને એક હતી. કાબર. બંને જણાને દોસ્તી થઈ.

કાબર ભલી અને ભોળી હતી પણ કાગડો બહુ પક્કો હતો. કાબરે કાગડાને કહ્યુ–કાગડાભાઈ, કાગડાભાઈ ! ચાલોને આપણે ખેતર ખેડીએ ો દાણા સારા થાય તો આખુ વરસ ચણવા જવુ ન પડે અને નિરાંતે ખાઈએ.

કાગડા કહે–બહુ સારુ ચાલો.

પછી કાબર અને કાગડો પોતાની ચાંચોથી ખેતર ખેડવા લાગ્યા.

થોડી વાર થઈ ત્યાં કાગડાની ચાંચ ભાંગી એટલે કાગડો લુહારને ત્યાં તે ઘડાવવા ગયો. જતા જતા કાબરને કહેતો ગયો–કાબરભાઈ ! તમે ખેતર ખેડતા થાઓ. હું હમણા ચાંચ ઘડાવીને આવુ છું. પછી કાબરે આખુ ખેતર ખેડી નાખ્યુ પણ કાગડાભાઈ આવ્યા નહિ.

કાગડાભાઈની દાનત ખોટી હતી એટલે ચાંચ તો ઘડાવી પણ કામ કરવાની આળસ ઝાડ ઉપર બેઠા બેઠા લુહારની સાથે ગપ્પા મારવા લાગ્યા.

કાબર તો કાગડાની રાહ જોઈને થાકી ગઈ એટલે કાગડાને બોલવવા ગઈ. જઈને કાગડાને કહે–કાગડાભાઈ, કાગડાભાઈ! ચાલોને? ખેતર તો ખેડાઈ ગયુ. હવે આપણે વાવીએ.

કાગડો કહે–
ઠાગાઠૈયા કરુ છુ. ચાંચુડી ઘડાવુ છુ.
જાવ, કાબરભાઈ! આવુ છુ.

કાબ પછી ગઈ અને વાવનુ કામ શરૂ કર્યુ. કાબરે રૂપાળો બાજરો વાવ્યો. થોડા દિવસમાં એ એવો તો સુંદર ઉગી નીકળ્યો કે બસ!

એટલામાં નીંદવાનો વખત થઈ એટલે વળી કાબરભાઈ કાગડાને બોલવવા ગઈ. જઈને કાગડા કહે – કાગડાભાઈ, કાગડાભાઈ, બાજરો બહુ સારો ઉગ્યો છે. હવે જલદી નીંદવુ જોઈએ, નહિતર મોલને નુકસાન થશે. આળસુ કાગડાએ ઝાડ ઉપરથી કહ્યું :

ચાંચુડી ઘડાવુ છું.
જાવ, કાબરભાઈ! આવુ છું.

કાબર તો પાછી ગઈ અને એકલીએ આખુ ખેતર નીંદી નાખ્યુ વખત જતા કાપણીનો સમય આવ્યો એટલે કાબર વળી કાગડાભાઈન બોલવવા ગઈ. જઈને કાગડાને કહે–કાગડાભાઈ! હવે તો ચાલો! કાપણીનો વખત થયો છે. મોડુ કાપશો તો નુકશાન થશે.

લુચ્ચાા કાગડાએ કહ્યુ:

ઠાગાઠૈયા કરુ છું,
ચાંચુડી ઘડાવુ છું.
જાવ, કાબરભાઈ ! આવુ છું.

કાબરભાઈ તો નિરાશ થઈ પાછી ગઈ અને ખિજાઈને એકલીએ આખા ખેતરની કાપણી કરી નાખી. પછી તો કાબરે બાજરીના ડુડામાંથી બાજોર કાઢયો અને એક કોર બાજરનો ઢગલો કર્યો. બીજી કોર એક મોટો ઢૂંસાના ઢગલો કર્યો અને ઉપર થોડક એક બાજરો નાખ્યો.

પછી તે કાગડાને બોલાવવા ગઈ. જઈને કહે–કાગડાભાઈ! હવે તો ચાલશો ને? બાજરના ઢગલા તૈયાર કર્યા છે. તમને ગમે તે ભાગ તમે રાખજો.

વગર મહેનતે બાજરાનો ભાગ મળશે એ જાણી કાગડાભાઈ ફૂલાઈ ગયા. તેણે કાબરને કહ્યુ–ચાલો બહેન! તૈયાર જ છુ. હવે ચાંચ બરાબર થઈ ગઈ છે.કાબર મનમાં બોલી–ખોટી દાનતના ફળ હવે બરાબર ચાખશો, કાગડાભાઈ !

પછી કાગડો અને કાબર ખેતરએ આવ્યા. કાબર કહહે–ભાઈ! તમને ગમે તે ઢગલો તમારો. કાગડાભાઈ તો મોટો ઢગલો લેવાનો માટે ઢૂંસાંવાળા ઢગલા ઉપર જઈને બેઠા, પણ જયા બેસવા જાય ત્યાં ભાઈસા'બાના પગ ઢૂંસામાં ખૂંતી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસા ભરાઈ ગયા અને કાગડાભાઈ મરણ પામ્યા!....

પછી કાબરભાઈ બાજરો પોતાને ઘેર લઈ ગઈ અને ખાધુ પીધુ ને મોજ કરી.

## વાર્તા : લેખન લોભી ખેડુત

આ એક ઘણાં વર્ષો પહેલાની વાત છે. એક સુંદર ગામ હતું. ત્યાં એક ખેડુત રહેતો હતો.

એક દિવસની વાત છે. ખેડુત ખેતરની તેના ઘર તરફ જતો હતો ત્યારે તેને રસ્તામાં એક મરઘી મળી હતી. તે મરઘીને પોતાના ઘરે લઈ ગયો. અને બહુ રાત થઈ ગઈ હતી તેથી ખેડુત સુઈ ગયો. ઊંઘમાંથી જાગ્યો ત્યારે તેને જોયું તો મરઘીએ એક સોનાનું ઈંડું આપ્યું હતું. આ જોઈને ખેડૂતને બહુ આનંદ થયો. મરઘી રોજ એક–એક ઈંડું આપતી હતી. અને ખેડુત તે ઈંડાને શહેરમાં વહેચવા જતો હતો. તે બહુ ધનવાન બની ગયો હતો.

એક દિવસ ખેડુત ખેતી કામ કરતો હતો. ત્યારે તેને લાલચ પ્રત્યે વિચાર આવે છે. ''કે હું મરઘીનું પેટ કાપીને બધાં જ સોનાના ઈંડા લઈ લવ તો હું બહું ધનવાન બની જઈશને માર ખેતી કામ કરવું પડશે નહિ.''આવું વિચારીને ખેડૂત ઘરે જાય છે. અને મરઘીનું પેટ કાપે છે ત્યારે મરઘીનાં પેટમાંથી એક પણ ઈંડું નીકળતું નથી. આ જોઈને ખેડૂત બહુ પસ્તાવો કરે છે.

બૌદ્ધ : ખરેખર લાલચનું ખરાબ દેખાય છે.


**નામ : પરમાર હેંમાશી ભરતભાઈ**
**ધોરણ : ૭ એ**
**શાળા : રૂપાયતન પ્રા.શાળા**

# વાર્તા : વાદળ વરસી જા !


**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

નાનકડું ગામ. ગામમાં બધી જ સગવડ઼ફ ગામના જાહેર નળમાં પાણી આવે. મીઠું–મીઠું પાણી ! ગામની બહેનો આ નળમાંથી પાણી ભરે. એક વખત બે બહેનો આ રીતે પાણી ભરવા આવી. ઘડો મૂકયો નળ નીચે. નળ ચાલુ કર્યો. તે પછી બંને બહેનો વાતે વળગી. ઘડો ભરાયો પણ વાતો ન ખૂટે. નળ ચાલુ, પાણી ચાલુ, વાતો ચાલુ ! ને ઘડો છલકાયો. પાણી તો આવો મોકો જોઈને થયું ચાલતું! ચાલતું જાય... ચાલતું જાય... તે પહોંચ્યું ગામની ગટરમાં ! "હાય ! હાય ! હું ગંદું થઈ ગયું." એમ કહીને પાણી તો રડવા માંડયું. ને પછી ગટર તો ખળળ... ખળળ... વહેતી જાય ને પહોંચી ગામની નદીમાં. નવી તો ઊછળતી–કૂદતી જાય. અને ખળખળ –ખળખળ વહેતી જાય. નદી દરિયામાં સમાઈ ગઈ.

પાણી તો રડવા લાગ્યું. "હું કેવું મીઠું–મીઠું પાણી હતું ! ગટરમાં ભળીને ગંદું થયું ! નદીમાં થોડું ચોખ્ખું




થયું ત્યાં વળી દરિયામાં ભળીને ખારૂં–ખારૂં બની ગયું !" ને ભેંકડો તાણીને રડવા માંડયું. પાણીને રડતું




જોઈને દરિયાદેવ કહે, "રડ નહીં. તું અહીં રડવા નહીં, વાદળ બનવા આવ્યું છે. વાદળ બનીને આકાશે ચડવા ને ઊડવા આવ્યું છે." દરિયાદેવની વાત સાંભળીને પાણી રાજી થઈ ગયું !

ઉનાળાની ગરમી શરૂ થઈ. વાદળ બનવા લાગ્યાં. દરિયાના પાણીની વરાળ. વરાળ ઠરીને વાદળ .પાણી વાદળ બની ગયું પવનના ઝપાટે આગળ–આગળ ઊપડયું. ઊંચા આકાશે એક વાદળ, બીજું વાદળ, વાદળ, વાદળ ને વાદળ !

વાદળ આમ ચાલતાં–ચાલતાં જતું હતું ને ત્યાં તેને નીચે ગામ દેખાયું. જાહેર નળ દેખાયો. પાણી ભરવા માટે લાંબી લાઈન લાગી હતી. બહેનો વાતો કરતી હતી, "બહેન, આ વખતે પાણીની તંગી છે. તાપ બહુ પડે છે. આખો દિવસ પાણી ભરી–ભરીને થાકી જવાય છે. હવે તો વાદળ વરસી જાય તો સારૂં !"

બહેનોની વાતો સાંભળીને વાદળને તો ખીજ ચડી. વાદળ કહે, "હું તો વરસું જ છું. તમે પાણીનો બગાડ કરો છો. પાણીને સાચવો." આટલું બોલીને વાદળે ગર્જના કરી. એક બહેન કહે, "હેં, કોણ બોલ્યું ?" તો બીજી બહેન કહે, "વાદળ." બધાં રાજી થયાં. વાદળને કહે, "વરસી જા. વરસી જા. અમારી તરસ છીપાવી જા."

વાદળ તો બધું ભૂલીને માંડયું વરસવા ! શરૂઆતમાં ધીમે ધીમે વરસતું વાદળ પછી તો ધોધમાર વરસવા માંડયું ને ચારેકોર પાણી... પાણી.... પાણી જોઈને બધાં રાજી–રાજી !

# નીલમ કીડી

એક જંગલ હતું. તેમાં ઘણાં પ્રાણીઓ રહેતા હતાં. સિંહ, વાઘ, હરણ, કીડી, મગર વગેરે. ત્યાં એક ખૂંખાર સિંહ રહેતો હતો. તે બધાં પ્રાણીઓને ખાઈ જતો હતો. એક દિવસ બધાં પ્રાણીઓ મિટીંગ લીધી. ત્યાં બધાં પ્રાણીઓ આવ્યા. ત્યાં એક કીડી પણ આવી હતી. બધાં પ્રાણીઓ સિંહ વિશે વાત કરતાં હતાં, કે સિંહને કેવી રીતે રોકવો.

પછી નીલમ બોલી "હું એ સિંહને હરાવીશ." પછી કીડીના મગજમાં એક યુકિત આવી. નીલમે કહ્યું, "એક પ્રાણી સિંહની નજીક જશે અને હુ પ્રાણીની ઉપર બેસી જાઈશ." પછી એક વૃદ્ધ વાંદરાએ કહયું "હું સિંહની પાસે પાસે જાઈસ અને કીડી પણ લઈ જાઈશ. હું મરુ તો કોઈ પણ વાંધો નથી." પછી કિડી વૃદ્ધ વાંદરા પર બેસીને સિંહની પાસે ગઈ.

વાંદરાને જોતા જ સિંહે વાંદરા પર હુમલો કર્યો. કીડી સિંહના શરીર પર ચડી ગઈ. કીડી સિંહના કાનમાં જઈને કરડવા લાગી. સિંહને દર્દ થતું હતું. આખરે સિંહ મરી ગયો. પછી કીડી બધાં પ્રાણીઓ ખુશ થયાં. તેનું નામ નિલમ કીડીથી હોશિયાર કીડી થઈ ગયું.

**નામ : ભડોરિયા મેઘરાજ સિંહ**
**ધોરણ : ૭**
**શાળાનું નામ : શ્રીમતી.પી.એન.વોરા.**

# બે લોકગીત :રામાયણની લોકવાચના –બળવંત જાની

વાલ્મીકિ કે તુલસીકૃત રામાયણને પ્રશિષ્ટ ગ્રંથ ગણવામાં આવે છે. એની મહતા,હિન્દુ સમાજમાં અપાર અને અસીમ છે. એ રામાયણની તદન જુદી, સાવ મૌલિક વાચના લોકસમાજમાં જેવુ આદર્શ ચરિત્ર આવી કાનાફુસીથી દોરવાઈને સીતાજીનો ત્યાગ કરે એ પણ શબ્દગાનના માધ્યમે વહાવે છે. એના ઉજળા ઉદાહરણરૂપ આ બંને લોકગીતને ગણુ છું. રામને લોકે સ્વીકાર્યા, પૂજય ગણ્યા




કેટલાક કથાનક સંદર્ભે કથામુલક લોકગીત–કથાગીત–તરીકે પ્રાપ્ત છે. ગુજરાતી લોકસાગીત–સાહિત્ય આવી મૌલિક અને આગવી ગૂંથણીને કારણે લોકસાહિત્યના અભ્યાસીઓ માટે અભ્યાસનો વિષય બને તે સ્વાભાવિ ક છે.


રામના જીવનમાંના સીતાત્યાગના પ્રસંગને લોકમાનસે ભારે તાર્કિક રીતે સમાજજીવનની કટુ વાસ્તવિક બાબતને વણી લઈને લોકગીત રચ્યુ જણાય છે. સમાજમાં સાસુનો વહુ પરત્વે પૂર્વગ્રહ અને દુર્ભાવ જાણીતા છે. લોકગીતોના રચયિતા બહુધા મહિલાવર્ગ છે અને લોકગીતનુ જતન પણ તેમના કંઠે જાળવીને, પ્રસંગોપાત પ્રસ્તુત કરીને કરનારો આ મહિલાસમુદાય છે. લોકને, સીતાસીતના ચારિત્ર્ય કે ચરિત્ર સંદર્ભે કોઈ આક્ષેપ કરે એ માન્ય નથી. રામ લોકચિતને માન્ય નથી. એટલે અહી પ્રાપ્ત પ્રસ્તુત લોકગીતને અનુષંગે રામાયણીની લોકવારતાના સમાન લોકગીત ઉદાહત કરેલ છે. બીજુ એક લોકગીત પણ સીતાજીનો રોષ અને અકારણ ત્યાગના પ્રત્યાઘાતરૂપે રામ સાથે સંવાદ નહી, એનુ મુખદર્શન પણ નહી, પરંતુ એની નજર સામે જ પોતાની ખરી જનની માતા ધરતીમાં પોતાની જાતને વિલીન કરી દીધાનું તથા રામની વ્યથા રૂપે અંતે દુર્વા–ધરો રૂપે એના અસ્તિત્વને પોંખતુ જાળવતુ રામનુ ચરિત્ર લોકગીતમાં નિરૂપાયુ છે.

પ્રશિષ્ટમાંથી પણ પોતીકુ સામાજિક રૂપ તારવવુ એ લૌકિક પ્રજ્ઞાનો આ લોકગીતમાંથી પરિચય મળી રહે છે. લોકમાન્ય, લોકસ્વીકૃત સીતારામની મુદ્રા એમાંથી પ્રાપ્ત થાય છે. રામના ચરિત્રસાથે સંકળાયેલી દુર્નિવાર વેદનશીલ ઘટનાઓનુ નિવારણ લોકચિતે કેવી કુનેહથી કરીને, અને આદર્શ માન્યા પણ એના ચરિત્રને ગોબો પાડનારી બાબત સાથે અન્ય પ્રચલિત સામાજિક સંઘટનાને સાંકળીને રામનુ ચરિત્રગાન એ પ્રશિષ્ટનો મુકાબલો કરતી પ્રશિષ્ટતાને પડકારતી લૌકિક પ્રસંગ–ઘટનાનુ સંયોજન લોકસાહિત્યનુ સરાહનીય પાસુ છે. એ એના રચયિતાની લોકની રિદ્ધિરૂપ બાબત છે લોકે–વનવાસી કે ગ્રામીણનિવાસી પ્રજાજને–પોતાની ભાવનાને– પોતીકી માન્યતાને કથાનકથી ફંટકાઈને વિચારીને એમાં તાર્કિક તથ્યને સાંકળીને લોકગીતનુ નિર્માણ કર્યુ એને સમસ્ત લોકે સ્વીકૃત ગણીને પ્રચલિત બનાવ્યુ. સૈકાઓથી એ લોકવાચના લોકકંઠે જળવાતી રહી લોકસાહિત્યમાળાના સાતમાં મણકાના પૃષ્ઠાંક ૮૩ પરની એ રચના એની કાળજથી મુદ્રા છે. એ બંને લોકગીતની વાચન અને અભ્યાસ અહી પ્રસ્તુત છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

(૧) પડતી વખતે કાંઈ નુકસાન થાય તે સમયે હાય હાય ન કરો. હરિ હરિ કરો.
(૨) અતિપાપીને પશ્ચતાપ થાય તો તેના જીવનમાં એકદમ પલટો આવે છે. કોઈ પાપીનોો તિરસ્કાર ન કરો.
(૩) કંચન કામિનીમાં જે ફેસાયેલો રહે તેને માયામાં ફસાયેલો જાણવો.
(૪) લૌકિક સુખમાં ફસાયેલો ઈશ્વર ભજન કરી શકતો નથી.
(૫) અતિ પાપીને પણ નિરાશ થવાન જરૂર નથી, ભગવાનના નામના જપ પાપને બાળે છે.
(૬) શાપનો બદલો આર્શીવાદ આપે તે સંત.
(૭) સંપતિમાં સાનભાન ભૂલે છે. તે દરદ્રિ ન થાય ત્યાં સુધી તેના સાનભાન ઠેકાણે આવતા નથી.
(૮) વિધવા એ ગંગા જેવી પવિત્ર છે.
(૯) મંત્ર, મૂર્તિ અને માળા કોઈ દિવસ બદલાશો નહી.
(૧૦) જે જીવના ઉપર પરમેશ્વર વધારે કૃપા કરે છે તેને લૌકિક સુખ વધારે આપતા નથી. લૌકિક સુખમાં વિધ્ન આવ્યુ છે. જે જીવ ઉપર ભગવાન સાધારણ કૃપા કરે છે. તેને ભગવાન વધારે સુખ આપ છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧)પ્રાર્થના સભાની સ્થાપનાકોણે કરી હતી? –મહાદેવ ગોવિંદ રાનડેએ
(૨) ભારતમાં કોના વહિવટ દરમિયાન તાર અને ટપાલ પધ્ધતિ શરૂઆત થઈ? –લોડ ડેલહાઉસી
(૩) ભારતમાં સર્વપ્રથમ રેલવ કયા બે સ્ટેશન વેચ્ચે શરૂ થઈ?–મુંબઈ –થાણા
(૪) આધુનિક જાહેર ટપાલસેવાઓનો આરંભ કઈ સાલમાં થયો?–૧૮૩૭
(૫) ૧૮૫૭નો વિપ્લવનો પ્રથમ શહિદ કોણ હતો?–મંગળ પાંડે
(૬) સ્વંતત્ર ભારતના છેલ્લા ગવર્નર કોણ હતા?–સી.રાજગોપાલચાર્ય
(૭)૧૮૫૭નો વિપ્લવ થયો તે સમયે દિલ્લીનો મુઘલ બાદશાહ કોણ હતો?–બહાદુરશાહ ઝફર
(૮) ઈન્દિરા ગાંધી કયા વર્ષમાં ભારતના વડાપ્રધાન બન્યા?–૧૯૬૬
(૯) 'જય જવાન, જય કિશાન' સુત્ર કોણે આપ્યુ છે.?–લાલબહાદુર શાસ્ત્રીએ
(૧૦) લાલબહાદુર શાસ્ત્રીનુ અચાનક નિધાન કયા સ્થળે થયુ?–તાશ્કંદ

# ઝળહળ ઝાકળ


લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ગાડા તળેના ગલૂડયિા !

જ્ઞાતિ સંપ્રદાયના વાડામાં બંધાયેલો 'હું'તો રાફડામાં રહી ફૂંફાડા મારતા સાપ જેવો છે. મારો ધર્મ/સંપ્રદાય/જાતિ જ શ્રેષ્ઠ,બાકી બધા અધમ, ઉતરતી કક્ષાના –એવી જડબેસલાક માન્યતા 'હું' ઉપર કુટુંબ કે 'કહેવાતા' ધર્મગુરુઓ દ્વારા પરંપરાથી બદલવામાં આવતી હોય છે. જે છેવટે જતા વ્યકિતના વિકાસમાં અવરોધક બને છે, પરમાત્માના દિવ્ય પ્રેમથી વંચિત રાખે છે. સાધકે પ્રભુને પૂછયુ : " તારા ને મારા પ્રેમમાં તફાવત શો?" હસીને પરમાત્માએ પ્રત્યુતર આપ્યો: "મુકત ગગનમાં ગીતા ગાતા ઉડતુ પંખી મારો પ્રેમ છે, જયારે તે પીંજશરમાં પૂરેલુ પંખો તારો પ્રેમ છે!"

# પ્રયોગ - ૧
# બળની અસર - ૧

**હેતુ:–** પદાર્થ પર બળ લાગવવાથી તેમાં થતી ફેરફારની અસર તપાસવી.
**સાધાન:–** ફુગ્ગો
**રીત:–**
–સામા પવનમાં સાયકલ ચલાવતા, સાઈકલની ગતિ ધીમી પડે છે. બળ વધુ વપરાય.
–લોખંડના ગરમ સળિયાને ટીપતા,તેનો આકાર બદલાય.






–એક ફુગ્ગો લઈને તેને ફુલાવો.
–ફુલેલા ફુગ્ગોને હાથથી દબાવો.
**અવલોકન :–** બળ વડે ફુલેલા ફૂગ્ગાનો આકર બદલાયો.
**તારણ :–** બળ વડે પદાર્થના આકારમાં ફેરફાર કરી શકાય છે.
–વ્યવહારિક ઉદાહરણો:
–ક્રિકેટમાં ફિલ્ડર વડે દડાને અટકાવતા દડાની ગતિ અવરોધાય(સ્થિર થાય)
–તમે સાઈકલ ચલાવતા હોય ત્યારે તમારી મિત્ર પાછળથી ધક્કો મારે ત્યારે સાઈકલની ગતિ વધે.
–રોટલો ઘડતી વખતે આકાર બદલાય.

# ...યશ બીજા લઈ જાય છે ! – કાન્તિ ભટ્ટ


કેટકેટલાની અંગત ફરિયાદ હોય છે કે, 'અમે મહેનત કરીએ છીએ અને યશ બીજા લઈ જાય છે.' સમાજમાં આવો એક વર્ગ છે કે જે બીજાની મહેનત ઉપર જ તાગડધિન્ના કરે છે. પણ એવી હાલતમાં આપણે આલ્બર્ટ આઈન્સ્ટાઈનને યાદ કરીને તેના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ. આઈન્સ્ટાઈન લખે છે :

'આ પૃથ્વી ઉપર આપણી સ્થિતિ વિચિત્ર છે. દરેક જણ પૃથ્વીની ટૂંકી મુલાકાતે આવે છે, તેની તેને ખબર નથી. છતાં પૃથ્વી ઉપર જન્મવાનો એક દૈવી હેતુ છે. જો કે મારા દૈનિક જીવનને નજરમાં લેતાં મને લાગે છે કે માણસ દુનિયામાં આવ્યો છે તો પોતાને માટે આવ્યો નથી. માનવી બીજાને ખાતર અહીં પેદા થયો છે. આપણું સુખ બીજા લોકોનાં સ્મિત અને સુખાકારી ઉપર અવલંબે છે. આપણે એકલા જ સુખી હોઈએ એ બસ નથી, બીજાનાં નસીબ સાથે આપણાં નસીબ જોડાયાં છે.

'દિવસમાં ઘણી વખત મને લાગ્યું છે કે મારૂં પોતાનું જીવન બીજા લોકોના પરસેવા પર કેટલું નભે છે ! આ વીજળી, પાણી રસ્તા વગેરે માટે હજારો–લાખ્ખો લોકોએ કામ કર્યા છે. સ્વીચ દબાવું એને વીજળી થાય છે. તે વિજળીને ઘરેઘરે પહોંચવામાં કેટલા લોકોના જાન ગયા છે. હું બીજાની મહેનત પર તાગડધિન્ના કરૂં છું એવું લાગે છે. તો પછી, કોઈ વખત મેં કરેલાં કૃત્યોનો બીજા લોકો યશ લે છે, ત્યારે મને કશો રંજ નથી. આપણે બધા એકબીજાનાં કર્તુત્વથી જોડાયેલા છીએ.'પ્રસાદ

**ધર્મ – સત્યનારાયણ ગોયંકા**

ધર્મ ન હિંદુ, બોધ છે,
ધર્મ ન મુસ્લિમ જૈન,
ધર્મ ચિત્તની શુદ્ધતા,
ધર્મ શાંતિ, સુખ, ચૈન,
એ જ ધરમની પરખ છે,
એ જ ધર્મનું માપ,




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

જન જનતું મંગલ કરે, દૂર કરે સંતાપ.
ધર્મ ન મિથ્યા રૂઢિ છે, ધર્મ ન મિથ્યાચાર,
ધર્મ ન મિથ્યા માન્યતા, ધર્મ સત્યનો સાર,
જટા–જૂટ, માલા–તિલક, થયાં શીરના ભાર,
વેષ બદલિયો શું મળ્યું, નિજનું ચિત સુધાર.
જીવનમાં ધારણ કર્યો, ધર્મ થાય ફળવંત,
ઔષધ–સેવન વિણ ભલા, થાય ન રોગનો અંત.
ધારણ કરે તો ધર્મ છે, નહિવત કોરી વાત,
સૂરજ ઊગે પ્રભાત છે, નહિતર કાળી રાત.
મંદિર–મસ્જિદ ભટકતાં, મળે ન કયાંય ભગવાન,
સેવા, કરૂણા, પ્યારથી, સ્વયં થાય ભગવાન.
જીવનમાં આવ્યા કરે, પાનખર અને વસંત,
મનની સમતા ના છૂટે, તો સુખશાંતિ અંતન.
પળ પળ ક્ષણ ક્ષણ સજગ થઈ, નિજનાં કર્મ સુધાર,
સુખથી જીવ્યાની કલા, પોતાને જ નિહાર.

**મિત્રોને હું ખાતો નથી** – ચિત્રભાનુ

બર્નાર્ડશોને નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે એમના માનમાં એક પાર્ટી યોજાઈ. સારા ગૃહસ્થોને નિમંત્રણો અપાયાં. પાર્ટીના દિવસે આમંત્રિત સદગૃહસ્થોથી હોલ ભરાઈ ગયો. પ્રીતિભોજન આપનારાઓને એ ખબર ન હતી કે, બર્નાર્ડશો માનવતાના ઉપાસક એવા શાકાહારી છે.


ભોજનની શરૂઆત થઈ પણ શો તો શાંત બેસી જ રહ્યા. કોઈ પણ વસ્તુને એમણે સ્પર્શ પણ ન કર્યો. એક સજજને કહ્યું : 'આપ કેમ કાંઈ લેતા નથી ? આપના માનમાં તો પાર્ટી છે. આપ ન લો તો શરૂઆત કેમ થાય ?'...

શોએ સાંભળનારના હૈયામાં કોરાઈ જાય એવો અને કદી ન ભૂલાય તેવો સાવ ટૂંકો ઉતર વાળ્યો –

'હું માણસ છું : મરેલાં જીવોને દાટવા માટેનું કબ્રસ્તાન નથી ! પ્રાણીઓ મારાં મિત્ર છે. મિત્રોને હું ખાતો નથી !'

# અજીર્ણ

કારણ : અકાળે ભજન કરવું, મળ મૂત્રાદિકનો અવરોધ થવો, વધુ પડતું પાણી પીવું, વારંવાર ચા–કોફી પીવા, ભાવતા ભોજન ઠાંસી–ઠાંસીને ખાવા, અકુદરતી જીવન જીવવું તેમજ વાસી, અપકવ અને અશુદ્ધ આહારનું સેવન.




૧. અજીર્ણનો ઉતમ ઈલાજ લંઘન છે. જયાં સુધી કકડીને ભૂખ ન લાગે ત્યાં સુધી ઉપવાસ કરવા. ઉપવાસ દરમ્યાન ગરમ કરી ઠડું પાણી જ પીવું.

૨. જમતાં પહેલાં એક તોલો આદુના કચુંબરના મીઠું અથવા સિંધવ છાંટી ખાવાથી અજીર્ણ નાબૂદ થાય છે.

૩. બે ગ્રામ સૂંઠ તથા એક ગ્રામ ગોળ મેળવી, સવાર સાંજ લેવાથી અજીર્ણ મટે છે.

૪. અજમા, સંચળ, અને સૂંઠનું સમાન વજને બનાવેલ ચૂર્ણ ત્રણ–ત્રણ ગ્રામ જમ્યા પછી લેવાથી ગેસ અર્જીણ વગેરે દર્દો મટે છે.

(૨) અમ્લપિત્ત

કારણ : વાસી, ખાટું થઈ ગયેલું અથવા બીજા વિકારવાળુ, પિત્તને કોપાવનાર, વિરૂદ્ધ ગુણવાળું અથવા દાહ કરે એવું અન્ન અથવા નાસ્તા કરવાથી તેમ જ ઈર્ષા, અદેખાઈ, ચિંતા અને અતિ લોભથી હોજરી બગડે છે. પિત્ત દુષિત થઈને પેટ, છાતી, ગળામાં દાહ ઉત્પન્ન કરે છે. તેને અમ્લપિત કહે છે. ૧. એક ગ્રામ જીરૂ, બે ગ્રામ સાકર સાથે સવાર સાંજ લેવું.

૨. ગળોના એક તોલા રસમાં, અડધો તોલો મધ મેળવી સવાર–સાંજ પીવાથી અમ્લપિત્ત મટે છે. ૩. હરડેનું ચૂર્ણ એક તોલો, કાળી દ્રાક્ષ એક તોલો અને સાકાર બે તોલા લઈ, ત્રણેને એક સાથે ખૂબ ટીપીને મોટી–મોટી ગોળી બનાવી લેવી. આ ગોળી સવારે – બપોરે તથા સાંજે બે – બે ચગળવાથી અમ્લપિત્ત મટે છે. ૪. ફિળા, અરડૂસીનાં પાન, ગળો, ખડસલિયો, કરિયાતું, લીંબડાની અંતરછાલ, પટોલ અને ગરમાળાનો ગોળ–દરેક સમભાગે લઈ, રોજ સવારે જરૂરી પૂરતો આ કવાથ બનાવી તેમાં બે–ત્રણ ચમચી મધ મેળવી સવારે નરણા કોઠે પીવાથી અમ્લપિત્ત મટે છે.


# આ મારું ચિત્ર છે




રૂપલ રસિકભાઈ ડાભી
(ધોરણ–૭, પાણિયા પ્રા.અમરેલી



દેવગણીયા ધ્રુવિલ
(ધોરણ – ૮ શ્રી પાણીયા શાળા)




તુલસી જનકભાઈ કનાળા
(ધોરણ–૭, પાણીયા પ્રા.શાળા)



દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૬, રૂપાયતન સ્કુલ અમરેલી)

# અમરેલી : શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિકાસ મંડળ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો









શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિકાસ મંડળ અમરેલી શહેર દ્વારા સરસ્વતી સન્માન ૨૦૨૪ સરસ્વતી સન્માન કાર્યક્રમ મુકતાનંદ બાગ અમરેલી ખાતે આયોજન કરવામાં આવેલ હતુ. અમરેલી શહેર રાજગોર બ્રાહ્મણ સમાજનાં પ્રમુખ મુકેશભાઈ તેરૈયા તેમજ મહામંત્રી કિશનભાઈ શિલુ દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ ગુજરાત વિધાનસભાનાં ઉપદંડક– અમરેલી વિધાનસભાનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તદઉપરાંત શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિશિષ્ટ વ્યકિત સન્માન તેમજ પરમ પૂજય શ્રી મુકતાનંદ બાપુ ચાપરડાધામનાં માર્ગદર્શન હેઠળ સનાતન પાઠશાળાનો પ્રારંભ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજનાં અગ્રણી મુળશંકરભાઈ તેરૈયા, જિલ્લા બ્રહ્મસમાજનાં પ્રમુખ મુકુંદભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ ઉદયનભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ ત્રિવેદી તેમજ રાજગોર બ્રાહ્મણસમાજનાં વિભાગીય પ્રમુખ રસિકભાઈ મહેતા જેવા વિવિધ સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન આશિષભાઈ મહેતા તેમજ રવિન્દ્રભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## અમરેલી જિલ્લાના શિક્ષકોનું નેશનલ લેવલ વર્કશોપમાં આગવું પ્રદર્શન

અમરેલી, તા. ૫

તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સી.સી.આર.ટી.–હૈદરાબાદ (તેલંગણા) ખાતે તા. ૧૯/૬/૨૦૨૪થી તા. ૩/૭/૨૦૨૪ દરમિયાન આયોજિત 'રોલ આફ પપેટ્રી' વર્કશોપમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી દ્વારા મોકલવામાં આવેલ જિલ્લાના શિક્ષકોએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યુ. દેશના વિભિન્ન રાજયો ગુજરાત, કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, હરિયાણા, મહારાષ્ટ્ર વગેરેના પ્રાથમિક શિક્ષકો માટે યોજાયેલ આ વર્કશોપમાં અમરેલીના શિક્ષકોએ પોતાની કળાને આગવી રીતે રજૂ કરી, ઉત્તમ નેતૃત્વ પૂરૂં પાડેલ. જેમાં અમરેલી જિલ્લાના શિક્ષકો ઉમેશ ચાવડા – ચલાલા, દેવેન ભટ્ટ – ગોપાલગ્રામ, સંજય મકવાણા – ચારોડિયા, વર્ષાબેન શાહ – સાજણટિંબા, દિપાલીબેન પંડયા – બાબરકોટ દ્વારા પૂતળી કલા નિદર્શન કરી સેને મંત્રમુગ્ધ કરેલ. સાથે પૂતળી કલાનું વિશેષ પ્રશિક્ષણ લેવામાં આવેલ, જેનો લાભ જિલ્લાની વિભિન્ન શાળાઓને મળશે.



## અવસાન નોંધ

**બાબાપુર :** બાબાપુર નિવાસી હાલ અમરેલી સુરેશસિંહ બાપુસિંહ પરમાર (ઉ.વ. ૫૮) તેઓ બાપુસિંહ રૂપસિંહ પરમારના પુત્ર તેમજ વિમલસિંહના પિતાજી તેમજ પરમાર અશ્વિનસિંહ, ઘનશ્યામસિંહ, પ્રવિણસિંહ અને નવલસિંહના મોટાભાઈનું તા. ૪ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૩ | ૧૪૯૦ |
| ૨ | ચણા | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ૩ | જુવાર સફેદ | ૮૪૦ | ૮૪૦ |
| ૪ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૫ | જુવાર પીળી | ૪૦૦ | ૪૦૦ |
| ૬ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૭ | તુવેર | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૮ | મગફળી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૯ | શીંગ દાણા | ૧૮૩૬ | ૧૮૩૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૯૭ | ૧૨૨૯ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૩૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૩૧ | ૧૭૦૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૯૯ | ૧૫૯૧ |
| ૫ | તલ સફેદ | ૧૬૧૫ | ૨૫૭૫ |
| ૬ | તલ કાળા | ૨૮૪૦ | ૨૮૮૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૫૧ | ૩૩૮૪ |
| ૮ | બાજરો | ૪૩૧ | ૪૩૧ |
| ૯ | જુવાર | ૪૧૩ | ૮૩૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૯ | ૫૮૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૪ | ૫૭૬ |
| ૧૨ | મગ | ૧૪૭૨ | ૧૫૬૩ |
| ૧૩ | અડદ | ૧૮૩૦ | ૧૮૮૮ |
| ૧૪ | ચણા | ૧૧૦૫ | ૧૨૬૩ |
| ૧૫ | ચોળી | ૨૪૩૦ | ૨૭૨૫ |
| ૧૬ | તુવેર | ૧૬૨૦ | ૨૨૫૫ |
| ૧૭ | કપાસ | ૯૪૨ | ૧૫૨૦ |
| ૧૮ | એરંડા | ૧૦૬૬ | ૧૧૧૬ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૫૪૦૦ |
| ૨૦ | રાયડો | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૨૧ | ઈસબગુલ | ૧૪૩૦ | ૧૭૦૦ |
| ૨૨ | ગમ ગુવાર | ૯૩૫ | ૯૩૫ |
| ૨૩ | ધાણા | ૭૩૦ | ૧૨૪૮ |
| ૨૪ | મેથી | ૧૦૧૨ | ૧૦૫૮ |
| ૨૫ | સોયાબીન | ૭૯૦ | ૮૩૭ |
| ૨૬ | કાંગ | ૮૩૦ | ૮૩૦ |

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનમાં અપહરણ ગુન્હામાં નાસતા ફરતા આરોપીની અટકાયત

### કચ્છનાં અંજાર ખાતેથી આરોપીને દબોચી લેવાયો

સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. અમરેલી તા.અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૮ મુજબનો આરોપી મહેશ ઉર્ફે કીટ્ટુ રાજુભાઈ ભાભોર, (રહે. સુલીયા બડી મધ્યપ્રદેશ) કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા દસ માસથી નાસતા ફરતો હોય, આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે કચ્છ જિલ્લાના અંજાર ખાતેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા ઢરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.



## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૭૬ |
| ૨ | કપાસ | ૧૪૪૦ | ૧૫૨૨ |
| ૩ | બાજરો | ૪૩૦ | ૪૮૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૪૮૦ |
| ૫ | જુવાર | ૪૫૦ | ૮૭૪ |
| ૬ | ચણા | ૧૧૫૦ | ૧૨૧૦ |
| ૭ | શીંગદાણા | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૮ | રાય | ૧૪૦૧ | ૧૪૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૬૨ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૨૫૨ | ૧૨૫૨ |
| ૩ | ઘઉં | ૪૮૦ | ૪૮૦ |
| ૪ | ચણા | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૫ | તલ કાળા | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૪૫ | ૨૩૪૫ |
| ૭ | જીરૂ | ૪૧૧૧ | ૪૧૧૧ |
| ૮ | શીંગ દાણા | ૧૩૬૦ | ૧૭૦૦ |
| ૯ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૨૦ | ૮૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૨ | શીંગ દાણા | ૧૬૫૧ | ૧૯૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૦૭ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૦૫૦ |
| ૫ | જીરૂ | ૫૨૦૦ | ૫૫૦૦ |
| ૬ | કપાસ | ૧૨૨૫ | ૧૫૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૪૯૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૫૦૬ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૨૭૫ |
| ૧૨ | તુવેર | ૧૭૦૧ | ૧૭૪૦ |
| ૧૩ | એરંડી | ૮૪૧ | ૧૦૮૪ |
| ૧૪ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૧૧૮ |

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મીનાબેન મહેશભાઈ ચૌહાણ** રહે. બાબરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી બાલમુકુંદનગર
રે. સર્વે.નં. ૭૧૬ પૈકી
બીનખેતી પ્લોટ નં. ૫૭, ૫૮ પૈકીનાં પેટા પ્લોટ નં. ૪ જેના ચો.મી. ૮૩–૮૧
રજી. બાનાખત અનુક્રમ નં. ૨૩૧ તારીખ : ૦૮/૦૨/૨૦૨૪
પુરવણી બાનાખત અનુક્રમ નં. ૯૯૩ તારીખ : ૨૮/૦૬/૨૦૨૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ સંજયકુમાર રણછોડજી જાલા પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. બાનાખત કરાવેલ છે. સંજયકુમાર રણછોડજી જાલાએ ઉપરોકત મિલ્કત મનોજભાઈ ભગવાનજીભાઈ જોગી પોથી રજી. દસ્તાવેજ નં. ૫૪૮ તા. ૩૧/૦૩/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ છે. મનોજભાઈ ભગવાનજીભાઈ જોગીએ ઉપરોકત મિલ્કત ઉદયભાઈ મુકુંદભાઈ સંઘરાજકાનાં કુલમુખત્યાર અને જાતે મયુરભાઈ મુકુંદભાઈ સંઘરાજકા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૪૩૩ તા. ૦૨/૧૧/૨૦૧૦નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૫/૦૭/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ૨ | ચણા | ૧૦૦૫ | ૧૧૨૫ |
| ૩ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૬૨ | ૫૧૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૪૯૧ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૪૦ |
| ૭ | સોયાબીન | ૭૭૦ | ૮૨૨ |
| ૮ | જુવાર | ૬૫૦ | ૬૫૦ |
| ૯ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૦ | તલ કાળા | ૨૬૩૫ | ૨૬૩૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૩૫ | ૧૬૨૫ |
| ૧૨ | ધાણા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૧૩ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં વિશ્વ હિન્દુ પરિષદનાં

છે. જેઓ રાત–દિવસ હિન્દુ સમાજ માટે સેવા વ્રતી રહેનાર સમાજ સેવકને એક અધિકારી દ્વારા ખોટા ગુનામાં સજા કરેલ છે. તો આ સમાજ સેવકને માફ કરીને વહેલા સર માન મર્યાદા સાથે છોડી દેવામાં આવે તથા પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી અંતમાં માંગ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું મુસાફરોને કાદવ કિચડની ચુંગાલમાંથી

છે. હંગામી બસ સ્ટેન્ડ એટલે અંધાધુંધીનો નમૂનો.

બીજી તરફ નજીકમાં જ બસ પોર્ટનું લગભગ બાંધકામ પૂર્ણ થયું છે પરંતુ કોઈ વહીવટી મંજૂરી અને સુવિધાનાં અભાવે બસ પોર્ટ શરૂ થતું નથી ને આશ્ચર્યજનક બાબત એ છે કે બસ પોર્ટની બહારની બાજુએ બનાવાયેલ દુકાનો લાખો રૂપિયાની કિંમતે વેચાઈ રહી છે અને વેપારીઓએ વેપાર પણ શરૂ કરી દીધા.

આજે એકવીસમી સદીમાં વિશ્વનાં વિકસિત દેશો પાંચ વર્ષમાં અમરેલી જેવા મધ્યમકક્ષાનાં અનેક શહેરો નિર્માણ કરી રહ્યા છે. ત્યારે આપણે સરકાર પાંચ વર્ષમાં એક બસ પોર્ટ બનાવી શકતી નથી અને માત્ર વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની ગુલબાંગો જ ફેંકવામાં આવી રહી છે.

## CHANGE OF NAME

I hereby declarer,
Sangitaben Janakbhai Sardhara, My old name has been changed from Sangitaben Janakkumar Sardhara to Sangitaben Janakbhai Sardhara. So from now on I will be known by this name.

## // જાહેર નોટીસ //

**રાજુલાના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા**

**અરજદારઃ–** ગુજ. લાખાભાઈ સાજણભાઈના વારસો
(૧) ભીખાભાઈ લાખાભાઈ
રહે.મીઠાપુર,તા.જાફરાબાદ, જિ.અમરેલી.

**દિ.પ.અ.નં.૩૮/૨૦૨૪**
**મુ.તા.૦૬/૦૭/૨૦૨૪**

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળાઃ–** (૧) શ્રી સરકાર (નોટીસ થ્રુ જિલ્લા સરકારી વકીલ)
(૨) ખાસ જમીન સંપાદન અધિકારી,
સૌરાષ્ટ્ર કચ્છ સિંચાઈ યોજના, જુનાગઢ

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે,

મથાળે લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની પરચુરણ અરજ દાખલ કરી જણાવેલ છે, લાગતા વળગતા ઈસમો તથા સંસ્થાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપર કહ્યાં અરજદારે તેઓના વિ.વકીલશ્રી **એ.પી. પંડયા** મારફતે ઉપરોકત નંબરથી લેન્ડ રેફ.કેસ.નં. ૧૨/૨૦૧૭ માં થયેલ હુકમ મુજબ સરકારશ્રી દ્વારા કોર્ટમાં જમા થયેલ રકમ ચુકવી આપવા માટે દિ.પ.અરજી દાખલ કરેલ છે. તો જે કોઈને વાંધો તકરાર હોય તો મુ.તા. ૬/૦૭/૨૦૨૪ના સુધીમાં તેઓ જાતે અથવા તેમના વકીલશ્રી કે મુખત્યાર મારફત જરૂરી આધાર પુરાવા સાથે વાંધાઓ આપવા સારુ હાજર રહેવા જણાવવામાં આવે છે. અત્રે કોઈ વાંધો તકરાર રજુ નહી થાય તો યોગ્ય તે આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૫મી માહે. જુલાઈ–સને **૨૦૨૪**ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી,**
**(આર.સી. ચાવડા)**
**રજીસ્ટ્રાર,**
**પ્રિન્સીપાલ સિનીયર સીવીલ કોર્ટ,**
**રાજુલા.**

**તૈયાર કરનાર**
**(આર.સી. ચાવડા)**
**આસી.**

**તપાસનાર**
**(આર.સી. ચાવડા)**
**શિરસ્તેદાર,**

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **ઉર્વશીબેન સચીનભાઈ મચ્છર** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચકકરગઢ રોડ
રે. સર્વે.નં. ૧૧૦૦ બીનખેતી પ્લોટ નં. ૨૮ પૈકી
જેના ચો.મી. ૬૮–૦૭
રજી. દસ્તાવેજ નં. ૬૨૩૨ તારીખ : ૧૪/૧૨/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ વિલાસબેન નરેશભાઈ સાકરીયા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. વિલાસબેન નરેશભાઈ સાકરીયાએ ઉપરોકત મિલ્કત તખ્તસિંહ લખમણજી ઝાલા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૯૬૪ તા. ૧૨/૦૪/૨૦૦૭નાં રોજ ખરીદ કરેલ છે. ખ્તસિંહ લખમણજી ઝાલાએ ઉપરોકત મિલ્કત વિઠલભાઈ ગોરધનભાઈ કથીરીયા રહે. અમરેલીનાં કુલમુખત્યાર રાજેશભાઈ મનુભાઈ પરમાર રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૩૩૨ તા. ૧૦/૦૨/૨૦૦૩ નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૧/૧૨/૨૦૨૧
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૧ | ૧૫૬૯ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૩૫ |
| ૩ | જીરૂ | ૪૭૪૫ | ૫૩૨૫ |
| ૪ | ઘઉં | ૪૯૦ | ૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૨૩૬૦ | ૨૪૧૦ |

### CNGના ભાવમાં આ વધારો IGL દ્વારા કરવામાં આવી રહ્યો છે

# ગુજરાત ગેસે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા એકનો વધારો કર્યો

**આ વધારો તાત્કાલિક અસરથી અમલમાં આવશે આના પગલે ગુજરાતમાં હવે સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂપિયા ૭૫.૨૬ થઈ ગયો**

અમદાવાદ,તા.૫

ગુજરાત ગેસે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ. એકનો વધારો કર્યો છે. આ વધારો તાત્કાલિક અસરથી અમલમાં આવશે. આના પગલે ગુજરાતમાં હવે સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂ. ૭૫.૨૬ થઈ ગયો છે. સીએનજીના ભાવમાં વધારો થતાં હવે ગુજરાતમાં પીએનજીનો ભાવ વધારો થયો છે.

આ પહેલા દિલ્હીમાં ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL) એ CNGના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧ રૂપિયાનો વધારો કર્યો છે. કિંમતોમાં વધારો દિલ્હી, નોઇડા, ગ્રેટર નોઇડા, ગાઝિયાબાદ, મેરઠ, શામલી, મુઝફ્ફરનગર અને રેવાડીને અસર કરશે. મળતી માહિતી મુજબ, નવી કિંમતો આજે (૨૨ જૂન) સવારે ૬ વાગ્યાથી લાગુ થઈ ગયા છે.

CNGની કિંમત જે અત્યાર સુધી દિલ્હીમાં ૭૪.૦૯ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતો હતો. તે આજથી ૭૫.૦૯ રૂપિયા પ્રતિ કિલો થઈ જશે. આ સિવાય નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં પણ ઇંધણના ભાવમાં એક રૂપિયાનો વધારો થશે. CNGના ભાવમાં આ વધારો IGL દ્વારા કરવામાં આવી રહ્યો છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર અત્યાર સુધી નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં CNG ૭૮.૭૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઉપલબ્ધ હતું. હવે આજથી તેની કિંમત ૭૯.૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ જશે. જોકે, ગુરુગ્રામમાં CNGની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી.

# સાવરકુંડલા પાલિકાના ઉપપ્રમુખ પ્રતિક નાકરાણીનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલાના સેવાભાવી પાટીદાર યુવાન અને નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણીનો આજે જન્મદિવસ છે. યુવા અગ્રણી પ્રતિકભાઈ પોતાના યશસ્વી જીવનના ૩૪ વર્ષ પુરા કરી આજે ૩૫ માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. પ્રતિકભાઈ ઘણાં વર્ષોથી જાહેરજીવન સાથે સંકળાયેલા છે જેમાં સતત ત્રણ ટર્મથી સાવરકુંડલા નગરપાલિકામાં વોર્ડ નંબર–૨ માં ભાજપના સદસ્ય તરીકે ચૂંટાઈ આવે છે જયારે ચાલુ ટર્મમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન નીચે નગરપાલીકામાં ઉપપ્રમુખ તરીકે સફળ સેવા આપી રહ્યા છે. પ્રતીકભાઈ નગરપાલિકા ઉપરાંત સાવરકુંડલા શહેર ભાજપ, કુંડલા તાલુકા યુવક મંડળ, સરદારધામ અમદાવાદ, અમરેલી જિલ્લા મલ્ટી એગ્રી પ્રોડયું. કંપની, અ.જી.સ્વ. નિર્ભર શાળા સંચાલક મંડળ, સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સ, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી, સતી આઇ સ્પોર્ટસ એરેના, કૃષિ સેવા સહકારી મંડળી, ભૂમિપુત્ર ચેરીટેબલ ટ્રસ્ટ, લાયન્સ કલબ, મહાવીર ગૌશાળા જેવી સામાજીક, સેવાકિય અને શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાનું યોગદાન આપી રહ્યા હોય પોતાની સેવાકિય ભાવના અને મિલનસર સ્વભાવના કારણે સાવરકુંડલા શહેર ઉપરાંત જિલ્લાભરના રાજકીય, સામાજિક આગેવાનો અને કાર્યકર્તાઓ સહિત બહોળા મિત્ર વર્ગ ધરાવતા હોય શહેર અને જિલ્લામાંથી તેમના જન્મદિવસ નિમિતે મો. ૯૯૭૯૨ ૫૩૦૮૪ ઉપર શુભેચ્છા વર્ષાનો ધોધ વરસી રહ્યો છે.

### વ્યાજખોરી નાબૂદી ઝૂંબેશ અંતર્ગત

# બગસરાનાં પોલીસ સ્ટેશન ખાતે નાયબ પોલીસ અધિકારીની બેઠક યોજાઈ

**રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

સમગ્ર ગુજરાતમાં વ્યાજખોરી નાબૂતી ઝુંબેશ અંતર્ગત ગુજરાત પોલીસ દ્વારા કાર્યવાહી થઈ તેના ભાગરૂપે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી અને માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સ્ટેશન ખાતે અમરેલીના ડીવાયએસપી ચિરાગ દેસાઈના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરાયું. વ્યાજખોરી નાબૂદી ઝુંબેશ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું પરંતુ કોઈપણ જાતનો અરજી અરજદારો દ્વારા આવેલ ન હોવાથી કાર્યક્રમનો ફીયાસકો થયો હતો અને બગસરાના લોકો દ્વારા બગસરાથી ૨૦ મીટર દૂર આવેલ ચાલતો જુગાર વિશે રજૂઆત કરવામાં આવી હતી. જેને અનુસંધાને ડીવાયએસપી ચિરાગ દેસાઈ દ્વારા તપાસ કરાવી લેશું તેવી લોકોને ખાતરી આપી હતી. કારણ કે લોકોએ એવી રજૂઆત કરી હતી કે આ કોમ્પ્યુટર નંબરીયા જુગારમાં યુવા ધન બરબાદ થઈ ગયું છે જેમાં બગસરાના ઘણા યુવાનો આ જુગાર રમી અને લાખો રૂપિયા હારી પાઈમાલ થઈ ગયા છે. ત્યારે આમતેમ ફાફા મારી ગમે તેવા વ્યાજે ટકાવારી આપવી પડે તેવા પૈસા લેવા તૈયાર થઈ જતા હોય. ત્યારે આ જુગારને બંધ કરાવવા માટે પોલીસને પગલાં લેવા જરૂરી છે. આ એક વ્યાજખોરીની તરફ જવાની સીડી કયો તો પણ કહેવાય છે અને આ વ્યાજ ખોરી નાબુદ ઝુંબેશ સમગ્ર ગુજરાતમાં સરકાર દ્વારા સારી ઝુંબેશ ઉપાડવામાં આવી છે તેના પગલે બગસરામાં પણ આ બાબતે વધુ ધ્યાન આપવામાં આવે તેવી લોકોની માંગણી છે. આ બેઠકમાં બગસરા શહેરના સામાજિક રાજકીય સહિત વિવિધ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહ્યા. હાલ રાજય વ્યાપી વ્યાજ ખોરી નાબુદી અંતર્ગત ઝુંબેશ ચાલું છે ત્યારે ઉંચા વ્યાજમાં કોઈ વ્યકિત પીડિત હોય અને વ્યાજ અંગે મુશ્કેલી હોય તો જાણ કરવા ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો આ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સ નવનિયુકત વેપારી મહામંડળ સહિત વિવિધ સંસ્થાના આગેવાનો અને મહાનુભાવો સહિત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો ઉપસ્થિત રહ્યા.

### વિજય રૂપાણીને મોટી જવાબદારી સોંપાઈ

# ભાજપે રાજ્ય પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની નિમણૂક કરી

**ભાજપ દ્વારા ૨૩ રાજ્યો અને ઉત્તર-પૂર્વના રાજ્ય પ્રભારીઓ-સહ-પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી**

નવી દિલ્હી, તા.૫

ભાજપે હરિયાણા, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશા સહિત ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રભારી અને સહ-પ્રભારી જાહેર કર્યા છે. ભાજપ પંજાબમાં લોકસભા ચૂંટણીમાં ૧૦માંથી એકેય બેઠક જીતી શકી નથી. ત્યારે પાર્ટીએ આ રાજ્યમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી ને પ્રભારી બનાવ્યા છે. અન્ય નેતાઓની વાત કરીએ તો, તાજેતરમાં જ સાંસદ બનેલા સંબિત પાત્રાને ઉત્તરપૂર્વના સંયોજક બનાવાયા છે. જ્યારે બિહારમાં વિનોદ તાવડેને પ્રભારી અને સાંસદ દીપક પ્રકાશને સહ-પ્રભારી નિમ્યાં છે.ભાજપે અરૂણાચલ પ્રદેશમાં ધારાસભ્ય અશોક સિંઘલને, અંદામાન નિકોબાલમાં રઘુનાથ કુલકર્ણીને, છત્તીસગઢમાં ધારાસભ્ય નિતિન નબીનને, દાદરા અને નગર હવેલીમાં દુષ્યંત પટેલને, ગોવામાં આશીષ સૂદને પ્રભારી બનાવ્યા છે. આ ઉપરાંત હરિયાણામાં ડૉ.સતીશ પૂનિયાને પ્રભારી અને રાજ્યસભા સાંસદ સુરેન્દ્ર સિંહ નાગરને સહ-પ્રભારી, હિમાચલ પ્રદેશમાં શ્રીકાંત શર્માને પ્રભારી અને સંજય ટંડનને સહ-પ્રભારી, જમ્મુ-કાશ્મીરમાં તરૂણ ચુગને પ્રભારી અને આશીષ સૂદને સહ-પ્રભહારી બનાવ્યા છે. કોંગ્રેસ શાસિત રાજ્ય કર્ણાટકમાં રાધામોહન દાસને બનાવાયા પ્રભારી છે. ઝારખંડમાં પાર્ટીના વરિષ્ઠ નેતા લક્ષ્મીકાંત વાજપેયીને પ્રભારી, કર્ણાટકમાં ડૉ.રાધામોહન દાસ અગ્રવાલને પ્રભારી અને સુધાકર રેડ્ડીને સહ-પ્રભારી, કેરળમાં પ્રકાશ જાવડેકરને પ્રભારી, અપરાજિતા સારંગીને સહ-પ્રભારી બનાવાયા છે.

# બગસરા ખાતે વિનામૂલ્યે હદય રોગ નિદાન કેમ્પ યોજાયો



બગસરા તા.૫

બગસરામાં પ્રથમ વખત ફ્રી હદય રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ડો આર બી ગુપ્તા દ્વારા દર્દીઓને હદય રોગને લાગતી બીમારી માટે પીડાતા દર્દીને નિદાન કરવામાં આવેલા હતું જયારે આ ડો છેલ્લા ૪૨ વર્ષ થી હદય રોગ ના દર્દીઓની સારવાર કરી રહ્યા છે જે આજે શહેરની હોસ્પિટલમાં આવી દર્દીઓને ફ્રી નિદાન કેમ્પ કરી લોકોને સાચું માર્ગદર્શન આપેલ હતું. જયારે આ કેમ્પમાં ૫૦ કર્તા વધારે દર્દીઓએ આ ફ્રિ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે આ હોસ્પિટલના ટ્રસ્ટીએ દ્વારા જહેમત ઉઠાવી હતી.

### હાર્ટએટેકની સંભાવના વચ્ચે

# વડિયાની ૧૦૮ની ટીમે વાવડી ગામનાં દર્દીને તાત્કાલીક સારવાર આપી

**દર્દીનો જીવ બચાવવામાં સફળતા મળી**



તસ્વીર : જીતેશગીરી ગોસાઇ–વડીયા

વડિયા, તા. ૫

વડિયા ૧૦૮ ને સ્ટેશન વાવડી ગામનો ચેષ્ટ પેન કેસ આવેલ જેમાં પાયલોટ દેવદત્ત પરમારએ એમ્બ્યુલન્સ સ્ટેશન વાવડી ઝડપથી પહોંચી, દર્દી કાળભાઈ રઘવભાઈ ઢોલરિયાને તપાસતા, ઓછું બીપી, ધબકારા અનિયમિત, ઓક્સિજન ઘટવું, પીઠમાં દુખાવો થવો, હાથ પગમાં ખાલી ચડવી, ઉલ્ટી ઉબકા, headache જેવા ચિન્હો દેખાતા ૧૦૮ ના ઈએમટી સુનિલ લીંબાણી એ અમદાવાદ સ્થિત ૧૦૮ ના ઈઆરસી સેન્ટરના ફિઝિશિયન ડોકટર સાથે વાત કરી દર્દીને યોગ્ય સારવાર સાથે લઈ જતા, રસ્તામાં દર્દી બેભાન થઈ જતા સીપીઆર (ચેસ્ટ કમ્પ્રેશન) આપવાની જરૂર પડી, સીપીઆર આપવાથી દર્દી ભાનમાં આવી જતા તેમને સંજીવની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ જેતપુર જિલ્લો રાજકોટ ખાતે સોપી આપેલ. ત્યારબાદ દર્દીને વધુ સારવાર અર્થે ત્યાંથી રાજકોટ સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે મોકલી આપેલ છે ત્યા ના ડોક્ટરએ જણાવેલ કે દર્દીને દુખાવાની શરૂઆત થઈ ત્યારે યોગ્ય સારવાર મળવાથી દર્દી અહીયા પહોચિયું વધુમા ડોકટર જણાવે છે કે હૃદયની ત્રણ નળીઓ બ્લોકે જ છે જેમાં હાલ બે નળીમાં બલૂન બેસાડયા અને એક નળી દવાઓ પીવાથી સારૂ થઈ જશે તેવું જણાવેલ. હાલમાં દર્દી કાળુભાઈની તબિયત સારી છે અને ઘરે આરામ કરે છે તેમના દીકરા શૈલેષભાઈ જણાવે છે કે ૧૦૮ના ઉપયોગથી અને સારવારથી અમારા દર્દી સમયસર હોસ્પિટલ અને યોગ્ય સારવારના કારણે તેમનો જીવ બચી ગયો છે તેમનો સંપૂર્ણ યશ અમે ૧૦૮ ની ટીમને આપીએ છીએ.

### ગૌચરની જમીન સરકારી નથી, લોકો તેના માલિક છે

# અદાણીને આપેલી જમીન લોકોને પરત કરવા હાઈકોર્ટનો આદેશ

**ગામની ગૌચરની જમીન સરકાર દ્વારા અન્ય હેતુ માટે આપવાના મામલે ગુજરાત હાઇકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો**

કચ્છ,તા.૫

કચ્છના નાવિનાર ગામની ગૌચરની જમીન સરકાર દ્વારા અન્ય હેતુ માટે આપવાના મામલે ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, ગૌચરની જમીન સરકારની નથી, લોકો તેના માલિક છે, અદાણીને આપેલી જમીન લોકોને પરત આપો.

કચ્છના નાવિનાર ગામની ગૌચરની જમીન સરકાર દ્વારા અન્ય હેતુ માટે આપવાના મામલે ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, ગૌચરની જમીન સરકારની નથી, લોકો તેના માલિક છે, અદાણીને આપેલી જમીન લોકોને પરત આપો.

રાજ્ય સરકારે ૨૩૧ એકર જમીન SEZ પાસેથી પરત લેવા કોર્ટ સમક્ષ કર્યો ઠરાવ. ગૌચરની જમીન તમે કેવી રીતે અન્ય હેતુ માટે આપી શકો, ગૌચરની જમીન આપો તો સામે વૈકલ્પિક ગૌચરની જમીન હોવી જોઈએ તેવું કોર્ટે કર્યું હતું અવલોકન.

રાજ્ય સરકારે ૬-૭ કિ.મી. દૂર વૈકલ્પિક ગૌચરની જમીન આપવાનું કહેતા હાઈકોર્ટે સરકારની કાઢી હતી ઝાટકણી. પશુપાલકો ચાલીને ૬-૭ કિમી પશુઓને લઈને ત્યાં જશે ? SEZ દ્વારા અરજીનો વિરોધ કરતા કોર્ટે કહ્યું કે, તમે સરકારનાં ઠરાવને અલગથી પડકારી શકો છો. મુંદ્રા તાલુકામાં મુંદ્રા પોર્ટ અને SEZ માટે ગામની ગૌચરની જમીન લઈને તેમને આપવામાં આવેલી વૈકલ્પિક જમીન સામે હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી.

### પાટીલે જવાબદારીમાંથી મુક્ત કરવાની વિનંતી કરી

# ગુજરાત ભાજપને ટૂંક સમયમાં મળી શકે છે નવા પ્રદેશ પ્રમુખ

**જે લોકોનું બુથ માઈનસમાં ગયું છે, તેવા લોકોને હોદ્દો આપવો ન જોઈએ : સીઆર પાટીલની રજુઆત**

અમદાવાદ, તા.૫

બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી બેઠક ચાલી રહી છે. આજે આ બેઠકનો બીજો દિવસ છે. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, પ્રદેશ ભાજપના હોદ્દેદારો, તાલુકા-જિલ્લા પંચાયતના પ્રમુખો-ઉપપ્રમુખો, નગરપાલિકા-મહાનગર પાલિકાના પ્રમુખો-મેયરો હાજર રહ્યા હતા.

આજે મળેલી આ કારોબારી બેઠકમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળ સંપત્તિ મંત્રી સી.આર પાટીલે હાઈકમાન્ડને મોટી રજૂઆત કરી છે. આ ઉપરાંત તેમણે જે લોકોનું બુથ માઈનસમાં ગયું છે, તેવા લોકોને હોદ્દો આપવા ન જોઈએ. આ નિવેદનના પગલે ગુજરાત પ્રદેશ પ્રમુખના નામની ગમે ત્યારે જાહેરાત થઈ શકે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.આજની કારોબારી બેઠકમાં સી.આર પાટીલે હાઈકમાન્ડને રજૂઆત કરી છે કે 'મને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરો' સાળંગપુર કારોબારી બેઠકમાં સી.આર પાટીલે કહ્યું કે, મારો કાર્યકાળ પૂર્ણ થયો છે, અને પાર્ટીના 'એક વ્યક્તિ એક હોદ્દા'ની નીતિ હેઠળ પ્રદેશ અધ્યક્ષની જવાબદારી અન્ય કોઈને સોંપવામાં આવે. અહીં નોંધનીય છે કે, નવસારીથી લોકસભાની ચૂંટણી જીત્યા બાદ હવે સી.આર પાટીલને દિલ્હી કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા છે.આ બેઠકમાં આ કારોબારીમાં ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષનું નામ પણ જાહેર થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી હતી, ત્યારે આ બેઠકમાં પ્રદેશ કારોબારીમાં પ્રમુખ સી. આર. પાટીલે મોટું નિવેદન આપ્યું છે.

સીઆર પાટીલે કહ્યું કે, આપણે નિર્ણય કર્યો હતો કે, એક વ્યક્તિ એક હોદ્દો. જેથી પાર્ટીમાં એક વ્યક્તિ એક હોદ્દાનો નિયમ હોવાના કારણે પ્રમુખની જવાબદારીમાંથી મને મુક્ત કરો. હાઈકમાન્ડને વિનંતી કરી છે, પરંતુ પાર્ટીના કાર્યકરોને પણ મારી લાગણી પહોંચાડું છું, અન્ય કોઈ આગેવાનને જવાબદારી સોંપો. જે બધાને સાથે લઈને ચાલે અને પાર્ટીને વધુ સફળતા અપાવે.જેનું બુથ માઈનસ હોય તેને હોદ્દો ન આપવો જોઈએ. મેં હાઈ કમાન્ડને કહ્યું છે કે, મને મુક્ત કરો મારા કાર્યકાળમાં કોઈને ખોટું લાગ્યું હોય તો માફ કરશો.

અહીં મહત્વનું છે કે, સીઆર પાટીલનું આ એક વ્યક્તિ એક હોદ્દાના નિર્ણય અંગેના નિવેદન પરથી લાગી રહ્યુ છે કે, ભાજપમાં અન્ય પણ જે લોકો બે હોદ્દા ભોગવી રહ્યા છે તેમનું પણ એક પદ છીનવાશે. આ સાથે ભાજપ પ્રદેશ કારોબારીમાં સીઆર પાટીલના સૂચક નિવેદનના પગલે હવે ગમે ત્યારે રાજ્ય ભાજપને નવા પ્રમુખ મળી શકે છે.

# ડુંગરપરડા, ભચાદર અને ભાક્ષી–૨ પ્રાથમિક શાળાનાં મધ્યાહન ભોજન કેન્દ્રનાં સંચાલક કમ કુકની જગ્યા ભરવામાં આવશે

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાની ડુંગરપરડા, ભચાદર અને ભાક્ષી–૨ પ્રાથમિક શાળાનાં મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલક કમ કુકની જગ્યા ભરવામાં આવશે. આ માટે રસ ધરાવતા ઉમેદવારોએ રાજુલા તાલુકા મામલતદાર કચેરી ખાતે તા.૨૦ જુલાઈ સુધીમાં અરજી કરવાની રહેશે.

આ માટેની જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખે ઓછામાં ઓછા ૨૦ વર્ષ પૂર્ણ કર્યા હોય અને વધુમાં વધુ ૫૫ વર્ષની વય મર્યાદા છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનાનુ અરજીપત્રક રાજુલા તાલુકા મામલતદાર કચેરી ખાતેથી કચેરી સમય દરમિયાન મેળવી લેવાનુ રહેશે. આ અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરીને તા. ૨૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ બપોરે ૨ વાગ્યા સુધીમાં રાજુલા તાલુકા મામલતદાર કચેરીની રજીસ્ટ્રી શાખામાં જમા કરાવવુ.

આ અંગેની વધુ વિગતો માટે રાજુલા મામલતદાર કચેરી (મધ્યાહન ભોજન શાખા) નો સંપર્ક કરવાનો રહેશે. આ જગ્યાઓ માટે પસંદ થનારા ઉમેદવારોને નિયમ અનુસાર માનદ વેતન મળવાપાત્ર થશે. ઉપેદવારોની પસંદગી માટે જરૂરી જણાયે રૂબરૂ મુલાકાત દરમિયાન વિશેષ વિગતો રજુ કરવાની રહેશે. સ્થાનિક રહેવાસી અને મહિલા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. તેમ રાજુલા તાલુકા મામલતદારની યાદીમાં જણાવ્યુ છે.

### ૧૧ ઓગસ્ટે પરીક્ષા લેવામાં આવશે

# NEET PG ૨૦૨૪ ની પરીક્ષાની તારીખ જાહેર

**NEET PG પરીક્ષા બે પાળીમાં લેવામાં આવશે : અગાઉ આ પરીક્ષા ૨૩મી જૂનના રોજ યોજાવાની હતી**

નવી દિલ્હી, તા.૫

NEET PG 2024 પરીક્ષાની નવી તારીખ આજે જાહેર કરવામાં આવી છે. NEET PG 2024 પરીક્ષા, આગામી ૧૧ ઓગસ્ટના રોજ દેશભરના વિવિધ કેન્દ્રો પર લેવામાં આવશે. NEET PG 2024 પરીક્ષા બે પાળીમાં લેવામાં આવશે. પરીક્ષા નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સ દ્વારા સીબીટી સ્વરૂપમાં લેવામાં આવશે.

NEET PG 2024 ની પરીક્ષા પહેલા ૨૩ જૂને યોજાવાની હતી, પરંતુ પરીક્ષાના એક દિવસ પહેલા પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ પરીક્ષાની નવી તારીખ ૧૧ ઓગસ્ટના રોજ યોજવાની જાહેર કરવામાં આવી છે. NEET PG 2024ના પરીક્ષાર્થીઓ અધિકૃત વેબસાઈટ natboard.edu.in મા જઈને બોર્ડ દ્વારા જાહેર કરાયેલ પરીક્ષા અંગેના સૂચનાને ચકાસી શકે છે.

દર વર્ષે દેશભરમાં લગભગ ૫૨,૦૦૦ મેડિકલ PG બેઠકો માટે લગભગ બે લાખ MBBS સ્નાતકો NEET PG માટે પરીક્ષા આપે છે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સના જણાવ્યા અનુસાર, જૂનમાં યોજાનાર પરીક્ષા રદ કરવામાં આવી હતી, કારણ કે મંત્રાલય પરીક્ષા પ્રક્રિયાની મજબૂતતાને ચકાસવા અને પ્રક્રિયામાં કોઈ નબળાઈઓ ના રહે તેની ખાતરી કરવા માંગતુ હતું. NEET PG 2024 ની પરીક્ષા અગાઉ ૩ માર્ચે યોજાવાની હતી, પરંતુ તેને ૭ જુલાઈ સુધી મુલતવી રાખવામાં આવી હતી. ત્યાર બાદ લોકસભાની સામાન્ય ચૂંટણીઓને કારણે, NEET PG પરીક્ષાની તારીખ ૨૩ જૂન પર મુલતવી રાખવામાં આવી હતી. આ પરીક્ષા પણ મોકુફ રાખવામાં આવી હતી. જેની જાહેરાત પરીક્ષાના એક દિવસ પૂર્વે મોડી સાંજે ૨૨ જૂનના રોજ કરવામાં આવી હતી.

### પ્રધાનમંત્રી મોદીનો SCO સભ્યોને સંદેશ

# 'મેક ઇન ઇન્ડિયા વૈશ્વિક વૃદ્ધિને વેગ આપી શકે છે'

નવી દિલ્હી, તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે 'મેક ઈન ઈન્ડિયા' પહેલ વૈશ્વિક વૃદ્ધિના એન્જિનને જોડી શકે છે અને વૈશ્વિક અર્થતંત્રને લોકશાહી બનાવવામાં મદદ કરી શકે છે. વિદેશ મંત્રી એસ જયશંકર SCO સમિટમાં ભાગ લેવા માટે કઝાકિસ્તાનની રાજધાની અસ્તાના પહોંચી ગયા છે. અહીં તેમણે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના વડાઓની બેઠકમાં PM મોદીની ટિપ્પણી વાંચી સંભળાવી.PM મોદીએ SCO સભ્યોને કહ્યું કે, 'સીમા પારના આતંકવાદ અને આતંકવાદી ભંડોળ અને ભરતીનો અસરકારક રીતે સામનો કરવા સામે નિર્ણાયક પ્રતિભાવની જરૂર છે. તેમણે કહ્યું કે ભારત ક્ષમતા નિર્માણમાં અન્ય લોકો સાથે ભાગીદારી કરવા તૈયાર છે, ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશો સાથે.વડા પ્રધાને કહ્યું કે નવી કનેક્ટિવિટી લિંકેજ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરતી હોવી જોઈએ. "આતંકવાદનો ઉપયોગ દેશો દ્વારા અસ્થિરતાના સાધન તરીકે કરવામાં આવી રહ્યો છે," તેમણે SCO સમિટમાં વિદેશ મંત્રી જયશંકર દ્વારા વાંચવામાં આવેલી પીએમ મોદીની ટિપ્પણીમાં કહ્યું.પીએમ મોદીએ તેમની ટીપ્પણીમાં પુનરોચ્ચાર કર્યો કે આતંકવાદ સામે લડવાને સ્વાભાવિક રીતે જ પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે કહ્યું હતું કે જો તેને બેકાબૂ રાખવામાં આવે તો તે પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે મોટો ખતરો બની શકે છે.તેમની ટિપ્પણીમાં, વડા પ્રધાને ઈરાનને સંગઠનના સભ્ય તરીકે ભાગ લેવા બદલ અભિનંદન પણ આપ્યા અને હેલિકોપ્ટર દુર્ઘટનામાં રાષ્ટ્રપતિ રાયસી અને અન્ય લોકોના મૃત્યુ પર શોક વ્યકત કર્યો.અઝરબૈજાનમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં રાષ્ટ્રપતિ રાયસી અને વિદેશ મંત્રી સહિત ઈરાનના કેટલાક વરિષ્ઠ નેતાઓનું મૃત્યુ થયું હતું. આ પછી ઈરાને પાંચ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. રાયસીના નિધન પર ભારતે 21 મેના રોજ એક દિવસનો રાષ્ટ્રીય શોક પણ જાહેર કર્યો હતો.

### જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં હાજર રહેશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે ગુજરાત આવશે

**આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી શાહ ગાંધીનગર ખાતે સહકારથી સરિતા કાર્યક્રમોમાં હાજરી આપશે**

અમદાવાદ, તા.૫

કેન્દ્રીય અને ગૃહ સહકારીતા મંત્રી અમિત શાહ આવતીકાલે ગુજરાતની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ ગાંધીનગર ખાતે સહકારથી સરિતા કાર્યક્રમોમાં હાજરી આપશે. જેમાં જગન્નાથ મંદિર ખાતે સાંજે ભગવાન જગન્નાથના દર્શન કરશે. તેમજ અષાઢી બીજની વહેલી સવારે તેઓ મંગળા આરતીમાં સપરિવાર ઉપસ્થિત રહેશે. ૧૦૨મા 'આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ' નિમિતે આવતીકાલે દેશમાં પ્રથમવાર ગુજરાતમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમ યોજાશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આવતીકાલે સવારે ૧૦:૦૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાનાર 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ આજે કરાયુ હતું. સહકારથી સમૃદ્ધિ તેમજ આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ત્રણ વર્ષ પહેલા દેશમાં પ્રથમવાર અલગ સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહને આ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. દેશમાં સહકારિતા મંત્રાલયના સફળતાપૂર્વક ત્રણ વર્ષ નિમિત્તે ગુજરાતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાનો સહકાર કાર્યક્રમની ઉજવણી કરાશે.

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સહકારિતામાં એકરૂપતા લાવીને એક સમાન કામ કરવાના હેતુથી વિવિધ ૧૭ ભાષાઓમાં મોડેલ બાય લોઝ તૈયાર કરવામાં આવ્યા છે. જેના પરિણામે દેશના તમામ રાજ્યો સહકારિતા ક્ષેત્રમાં નવા નવા આયામો શરૂ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી અંદાજે ૫,૦૦૦થી વધુ પ્રાઈમરીથી એપેક્ષ બોડીના સભ્યો, ૨૦૦થી વધુ રાષ્ટ્રીય કક્ષાના સહકારના પ્રતિનિધિઓ, દૂધ મંડળીઓ, સંઘો, સહકારી બેંકો, એપીએમસી સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે. આ કાર્યક્રમ બાદ અમિતભાઈ શાહ ભગવાન જગન્નાથ મંદિર સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોકલાવેલો પ્રસાદ ધરશે અને સાંજની આરતી કરશે. આ સિવાય તેઓ અષાઢી બીજના દિવસે સવારે મંગળા આરતીમાં સપરિવાર ઉપસ્થિત રહેશે. બપોર બાદ દિલ્હી જવા રવાના થશે. આ સિવાય કોઈ રાજકીય વ્યક્તિઓ સાથે બેઠક અને મુલાકાત અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફ્રેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)
ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી. ડીઝીટલ એક્સ–રે. મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
NETRA CHIKITSA TRUST
24/7 Emergency Services

## મીઠાઈ કે અન્ય કોઈ પાર્ટી પોગ્રામ કરવાને બદલે

# ભૈ વાહ : પર્યાવરણપ્રેમીએ દીકરાનાં જન્મની ઉજવણીમાં એક હજાર રોપાનું કર્યુ વિતરણ

**અમરેલી જિલ્લા સહિત દેશનાં દરેક પરિવાર દ્વારા ખૂશીનાં પ્રસંગે રોપાનું વિતરણ અને તેનો ઉછેર થાય તો સમગ્ર દેશ નંદનવન બની જાય**

**કાળઝાળ ગરમી અને અપુરતાં વરસાદથી બચવા માટે સૌ કોઈએ વૃક્ષ ઉછેરને મહત્વ આપવું જરૂરી**

**સમાજનાં અગ્રણીઓ પહેલ કરે તો છેવાડાનો માનવી તેમના પગલે પર્યાવરણનું જબ્બરૂ કામ કરશે તે નક્કી**

**દેશનું પર્યાવરણ બચાવવામાં નહી આવે તો આગામી પેઢીને જીવવુ મુશ્કેલ બની જશે એટલે જાગૃત થવું જરૂરી**



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં તાજેતરમાં કાળઝાળ ગરમી અને અપુરતા વરસાદની સમસ્યા વિકરાઈ બનતાં પર્યાવરણની ચિંતા હવે સૌને થવા લાગી હોય તેવા સમયે જિલ્લાનાં જુદા–જુદા વિસ્તારોમાંથી પર્યાવરણ પ્રેમીઓએ વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યુ છે.

દરમિયાનમાં પર્યાવરણપ્રેમી કાંતિભાઈ તજાએ તેમના દીકરાનાં જન્મ નિમિત્તે મીઠાઈ વિતરણ કે અન્ય કોઈ ખર્ચ કરવાને બદલે સગા–સંબધીઓને એક હજાર રોપાનું વિતરણ કરીને પ્રેરણાદાયી કાર્ય કર્યુ છે.

દરેક પરિવારે તેમના પરિવારમાં આવતાં ખૂશીનાં પ્રસંગે અન્ય બિનજરૂરી ખર્ચ કરવાને બદલે વૃક્ષનાં રોપાનું વિતરણ કરે, પક્ષી બચાવવા માટે કોઈ કાર્ય કરે તો ભવિષ્યમાં તેનાથી પરિવારની આગામી પેઢીને પણ ફાયદો થશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, બાબરનાં ચમારડીનાં પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ તાજેતરમાં તેમનાં ૬૦માં જન્મદિનની ઉજવણી ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરીને કરેલ છે. જેની નોંધ અમેરિકાનાં મીડિયા સુધી પહોંચી છે.

### જાહેર જીવનમાં ફટકડી જેવું કાર્ય કરતા

## અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારનો ૭૦માં વર્ષમાં મંગલ પ્રવેશ

**દર મંગળ, ગુરૂ અને શનિ નિયમિત વિનામૂલ્યે નિદાન કરશે**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વપ્રમુખ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં કૃપાપાત્ર અને જાહેર જીવનમાં ફટકડી જેવું કાર્ય કરતાં અને સાળંગપુર ખાતે યોજાયેલ પ્રદેશ ભાજપની કારોબારીમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે જેમની કામગીરીની પ્રશંસા કરી તેવા ડો. ભરત કાનાબારનો આજે ૭૦માં વર્ષમાં મંગલ



પ્રવેશ થઈ રહ્યો છે.

તેઓએ પોતાનાં ૭૦માં જન્મદિને તેઓએ દર મંગળવાર, ગુરૂવાર અને શનિવારે આજીવન પ્રસૂતા મહિલાનું નિદાન નિઃશુલ્ક કરવાનો નિર્ણય કર્યો છે.

ડો. ભરત કાનાબાર છેલ્લા ૪૦ વર્ષથી નિષ્ઠાપૂર્વક પ્રસૂતા મહિલાઓનું નિદાન અને સારવાર કરી રહ્યા છે.

### વાડીએ પાણી વાળતા હોય તે સમયે

## સાવરકુંડલાનાં કાનાતળાવ ગામનાં ખેડૂતનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા મોત

**નાના એવા ગામમાં શોકનો માહોલ**

અમરેલી, તા. ૫

સાવરકુંડલા તાલુકાના કાનાતળાવ ગામે રહેતા અનિલભાઈ કનુભાઈ શીંગાળા નામનાં ૪૨ વર્ષિય ખેડુત તા. ૩ ના બપોરના ૨:૩૦ વાગ્યે કાનાતળાવ ગામની સીમમાં આવેલ પોતાની વાડીએ પાણી વાળવા માટે ગયેલ અને વાડીની મોટર ચાલુ કરવા માટે ઈલેકટ્રીક બોર્ડમાં સ્ટાર્ટર પાડવા માટે જતા અકસ્માતે ઈલેકટ્રીક શોક લાગતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

## બાબરાનાં વિશ્વ હિન્દુ પરિષદનાં તાલુકા પ્રમુખની 'પાસા' હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરાતા નારાજગી

**ખોટી ફરિયાદ કરનાર સ્થાનિક પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવાની માંગ**



તસ્વીર : પંકજ ઈનોડીયા–બાબરા

બાબરા, તા. ૫

બાબરા તાલુકાનાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ગજેન્દ્રભાઈ શેખવાની "પાસા" હેઠળ અટકાયત કરવામાં આવતા. જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવેલ છે. આવેદનપત્રમાં જણાવેલ છે કે,બાબરાના ગજેન્દ્રભાઈ શેખવાને થોડા દિવસ પહેલા બાબરા પોલીસ અધિકારી દ્વારા ખોટી રીતની બે એફ આઈ આર કરી સામાન્ય મેટરના કારણે પાસા જેવા ગંભીર ગુન્હામાં પાલનપુર જેલ હવાલે કરેલ છે.

બાબરાના પોલીસ અધિકારી ખોટા ફરિયાદી ઉભા કરીને ફરિયાદ કરાવી છે. આરોપી સમાજ અને પોલીસનને મદદરૂપ થતા આવેલા છે. તેના દ્વારા મૂંગા પશુ માટે સોં જેટલી ફરિયાદ નોંધાવેલ છે. જેઓ વિશ્વ હિન્દુ પરિષદના તાલુકા અધ્યક્ષ

અનુસંધાન પાના ૬ ઉપર

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૫/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal
We are HIRING!
FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)